

# શ્રી રાજ-સોભાગ સદ્ગુરુ પ્રસાદ


અંક : ૫૧
(ત્રિમાસિક)
સપ્ટેમ્બર-૨૦૧૦




Published by :
Shree Raj-Sobhag Satsang Mandal
Sobhag Para, SAYLA-363 430 (GUJARAT-INDIA)
Tel. : 02755-280533, TeleFax : 280791
Email : rajsaubhag@yahoo.com
Website : www.rajsaubhag.org



આ શરીર હોય
ત્યાં સુધી આશા
કોને વિસારવાનું
સુજેબ નહીં



સર્વે મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો,

સહુના અંતઃકરણમાં અહિંસા, સત્ય, પ્રેમ, મૈત્રી સદાચાર અને દયા-વૈરાગ્યની જ્યોત પ્રગટે અને વધુને વધુ પ્રજ્વલિત થાય.

મનના અંધારા ટળી જાય.

આરાધનામાં બળ અને શક્તિ પ્રાપ્ત થાય.

પરમ તેજના કેન્દ્ર તરફ પ્રયાણ આગળ વધારે એ જ નૂતનવર્ષની શુભેચ્છા.

લિ. [illegible]

શુભ આશિષ.

## <u>શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી</u>

### <u>પત્રાંક - ૩૩૦</u>

(પૂ.ભાઈશ્રીએ પત્રાંક-૩૩૦ ઉપર કરાવેલ સ્વાધ્યાય)

પ.કૃ.દેવે કિસનદાસ અને બીજા જિજ્ઞાસુ જીવો પર આ પત્ર મુંબઈથી ૧૯૪૮ના માહ મહિનામાં લખ્યો છે. કૃપાળુદેવ લખે છે કે **દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધ-બીજની પ્રાપ્તિ હોય છે.** તો દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય આ એક વાત, અને એ પરિચય હોવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે એ બીજી વાત, અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે આ ત્રીજી વાત. કિસનદાસ અને બીજા બધા મુમુક્ષુઓ જે છે તે બધા માર્ગાનુસારી ભૂમિકાના, પ્રાથમિક ભૂમિકાના મુમુક્ષુઓ છે. પ.કૃ.દેવ તેઓને આ ક્રમ બતાવે છે, તો જે શરૂઆતની ભૂમિકાના મુમુક્ષુઓ છે એની અંદર ઉપશમ, વૈરાગ્ય અને યથાર્થ બોધ—આ ત્રણ વસ્તુ પ્રાપ્ત થવી ખૂબ જરૂરી છે. તો ઉપશમ એટલે એ ભૂમિકાના જીવોને આપણે એમ કહી શકીએ કે જે કાંઈ પણ કષાય ભાવો ઉત્પન્ન થાય તેને શમાવવાની શક્તિ. જેમ કે ક્રોધ, તો કહે કે ક્રોધનો ઉદય થયો તો તરત જ પોતાની જાતને એનાથી પાછી વાળી લે. અને ક્રોધને શમાવી દે અથવા તો ક્રોધને ઉપશમાવી દે. તો આ ગુણનો વિકાસ એકે એક સાધક, એકે એક મુમુક્ષુની અંદર થવો જોઈએ. પછી વૈરાગ્ય—એટલે કે પોતે જે સંસારની વચ્ચે રહે છે તે સંસારની અંદર જીવને અનેક પદાર્થોની ઉપર મોહ અને આસક્તિભાવ રહેલા હોય. તો એ બધા પદાર્થો કહો, અથવા તો જે કંઈ પોતાના કુટુંબીજનો કહો, સ્વજનો કહો તે બધા પ્રત્યે મોહભાવ હોય, આસક્તિભાવ હોય. આવી રીતે એના જ્યાં જ્યાં અને જે જે વસ્તુઓ પર મોહ અને આસક્તિ લાગેલાં હોય તે પાતળાં પડવાં જ જોઈએ, ઘટવાં જ જોઈએ. એ જે છે તે વૈરાગ્ય છે. અને ત્રીજું યથાર્થ બોધ, તો યથાર્થ બોધની બાબતમાં તો ભગવાન મહાવીરે જે આપણને બોધ કર્યો એ બોધ જીવના આત્મકલ્યાણ માટે જ કરેલો છે. એટલે ભગવાને જે રીતે આપણને બોધ દીધો છે એ રીતે જ જો આપણે એને સમજીએ તો આપણને એ યથાર્થ બોધ કે જેનું પરિણમન જીવનની અંદર થાય. આમ ભગવાનનાં જે વચનો છે એની અંદર તો યથાર્થ બોધ રહેલો છે જ પણ જ્ઞાનીપુરુષોનાં જ્યાં વચનો છે એની અંદર પણ યથાર્થ બોધ રહેલો છે. અને જે પ.કૃ.દેવનાં વચનો છે તે યથાર્થ બોધથી ભરપૂર છે. જે વસ્તુનું સ્વરૂપ જેમ છે એમ આપણને સમજાવું જોઈએ, યથાર્થ રીતે સમજાવું જોઈએ. અને એ વચનો કેવાં કે જેની અંદર આપણે જે આરાધન કરવાનું છે એમાં એના સિદ્ધાંતો શું છે ? એનાં રહસ્યો શું છે ? એ બરાબર આપણે યથાયોગ્ય રીતે સમજી શકીએ. આપણે જો આમ વિચાર કરીએ તો "છ પદ"નો જે પત્ર છે તે યથાર્થ બોધથી ભરપૂર છે. "આત્મસિદ્ધિશાસ્ત્ર" કે જેમાં યથાર્થ બોધ ભરેલો છે. એમ જ "છ દ્રવ્ય" છે, "નવ તત્ત્વ" છે આ બધામાં યથાર્થ બોધ ભરેલાં વચનો રહેલાં છે. બીજી રીતે કહીએ તો જ્ઞાની-પુરુષનાં વચનો જે છે એની અંદર યથાર્થ બોધ ભરેલો હોય, હોય અને હોય જ. હવે જીવને **દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી,** એટલે કે ખૂબ લાંબા સમય સુધી **યથાર્થ બોધનો પરિચય જીવને થાય તો એને બોધબીજની પ્રાપ્તિ થાય.** જે પણ મુમુક્ષુને આજ્ઞા કરવામાં આવે છે કે ભાઈ, તારે દરરોજ આજ્ઞાભક્તિ કરવી, આત્મસિદ્ધિ-શાસ્ત્રનું પઠન કરવું કે વચનામૃતજીનું વાંચન કરવું. તો દરરોજ એક ને એક આજ્ઞાભક્તિ, દરરોજ એ જ આત્મસિદ્ધિ કે દરરોજ પરમ કૃપાળુદેવનું આ વચનામૃતજી વાંચવું એમ શા માટે ? તો કહે કે



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

એની અંદર જે યથાર્થ બોધ રહેલો છે તે યથાર્થ બોધ યથાર્થ રીતે ફરી ફરીને વાંચે ને—તો જ એને ખ્યાલમાં આવે, સમજાય. એટલું જ નહીં પણ આવી રીતે સત્‌સમાગમની અંદર પણ એ જે કાંઈ સમજતો હોય, એ પોતાની શક્તિ પ્રમાણે સમજતો હોય, પણ ફરી ફરી એ જેમ જેમ સમજતો જાય એમ એને ખ્યાલ આવતો જાય. જેમ કે છ પદનો પત્ર છે તો શરૂઆતમાં તે એ પત્ર વાંચે અને જીવની જેટલી સમજણ હોય તેટલું સમજાય, પછી એનો અભ્યાસ વધતો જાય એટલે એની સમજણ વધતી જાય અને જેમ જેમ સમજણ વધતી જાય એમ એને અંતઃકરણની અંદર અહોભાવ ઉત્પન્ન થતો જાય કે કેવો આ પત્ર અદ્‌ભુત છે. એ પછી ફરી એને વિશેષ સમજણ આવે તો પછી એના અંતઃકરણની અંદર એમ થઈ જાય કે અહોહો ! આ પત્રની અંદર તો કેવી અદ્‌ભુત વાત છે ? કે જે મને અત્યાર સુધી તો ખ્યાલમાં પણ નહોતી આવતી. એમ સ્થૂળતાથી કરી અને સૂક્ષ્મતાથી એ એકને એક પત્ર વધુ ઊંડાણથી સમજતો જાય અને એમ એમ એના અંતઃકરણથી ઉલ્લાસ આવતો જાય, આનંદ આવતો જાય અને એને પોતાને પણ ખ્યાલ આવતો જાય કે આ પહેલું પદ કીધું કે 'આત્મા છે' તો એ એની જેમ જેમ સમજણ વધતી જાય, સૂક્ષ્મ થતી જાય એમ એમ એ વાત પર એને આનંદ આવતો જાય, ઉત્સાહ વધતો જાય. તો આ બહુ લાંબા સમય સુધી જીવને યથાર્થ બોધનો પરિચય થાય ને ત્યારે જીવની ભૂમિકા તૈયાર થાય છે. આંતરિક ભૂમિકા તૈયાર થાય છે. કેમ કે એ સમજણ એને પોતાના અંતઃકરણથી આવે છે. એટલે એના પોતાના જીવનની અંદર પરિવર્તનની ધારા શરૂ થાય અને એ રીતે પોતાના કષાયો પણ પાતળા પડવા મંડે અને વૈરાગ્યભાવ પણ વધવા મંડે. આમ આ રીતે જ્યારે જીવની ભૂમિકા તૈયાર થાય પછી જ એને બોધબીજની પ્રાપ્તિ થાય. જેટલા સાધકો છે તેઓ તો જાણે જ છે કે બોધબીજ એટલે શું ? અને અત્યારે તો બધા સાધકો છે તેઓ તો આરાધના શિબિર ભરવાની છે એ લક્ષે જ ભેગા થયા છે. એટલે આવી ભૂમિકા તૈયાર થાય પછી એ જીવને જો બોધબીજની પ્રાપ્તિ થાય તો એ અંતર્મુખ થવાનો પુરુષાર્થ કરી શકે. એટલે કે ધ્યાન કરી શકે. હવે એ ધ્યાન કરતો જીવ, એ પોતે પોતાનું જે ચિત્ત છે કે જે સતત બહિર્ભાવમાં જ રખડતું હતું એ ચિત્તને સમગ્રપણે બહિર્ભાવથી હટાવી અને અંતર્મુખ કરી અને સ્થિર કરવાનો પુરુષાર્થ એનો ચાલુ થઈ જાય. તો એ જે ધ્યાનની ભૂમિકા કે જેની શરૂઆત થઈ, એ શરૂઆત કરતાં કરતાં એની સ્થિરતા વધતી જાય, વધતી જાય અને પછી ખૂબ સારી સ્થિરતા આવે પછીથી એ ચિંતનની ભૂમિકામાં આવે અને પછી એમ કરતાં કરતાં એ ભેદજ્ઞાનની ભૂમિકામાં આવે અને જ્યારે પોતાનો આત્મા અને આ શરીર, એનું જ્યારે ભેદજ્ઞાન કરવાની શરૂઆત કરે અને ખૂબ પુરુષાર્થી હોય અને સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવાની અંદરથી તીવ્ર જિજ્ઞાસા હોય તો એવો કોક ભાગ્યશાળી જીવ કે એને પછી કોઈક ધન્ય પળ આવી જાય કે એને નિશ્ચય સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય. એટલે કે પોતાના આત્માની ઓળખાણ થઈ જાય. આ ક્રમ બતાવ્યો. અત્યારે તો બધા જ સાધકોનો લક્ષ શું છે ? તો કહે કે અજ્ઞાનને કાઢી જ્ઞાનની પ્રાપ્તિ કરવી. તો એની અંદર યથાર્થ બોધ, બોધબીજ અને સમ્યક્‌દર્શન એ ત્રણેય વસ્તુ આમાં વણી લીધી છે. આવી રીતે આરાધન કરતો જે જીવ એના માટે આગળ કહે છે કે **જિને બાવીશ પ્રકારના પરિષહ કહ્યા છે, તેમાં દર્શનપરિષહ નામે એક પરિષહ કહ્યો છે, તેમજ એક બીજો અજ્ઞાનપરિષહ નામનો પરિષહ પણ કહ્યો છે. એ બન્ને પરિષહનો વિચાર કરવા યોગ્ય**



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

**છે; એ વિચાર કરવાની તમારી ભૂમિકા છે; અર્થાત્ તે ભૂમિકા (ગુણસ્થાનક) વિચારવાથી કોઈ પ્રકારે તમને યથાર્થ ધીરજ આવવાનો સંભવ છે.** અત્યારે આપણે આ સ્વાધ્યાયની અંદર જે વાત કરીએ છીએ એમાં બધા મુમુક્ષુઓની અને સાધકોની અલગ અલગ ભૂમિકાએ બધાનો વિચાર કરીને આપણે અત્યારે સ્વાધ્યાય કરી રહ્યા છીએ. જીવ, જે કાંઈ પણ આરાધન કરે છે એમાં એને કાંઈ ને કાંઈ વિઘ્નો અને મુશ્કેલીઓ તો આવે જ છે. અને એ અનેક પ્રકારની જે મુશ્કેલી હોય એને આપણે પરિષહ કહીએ. કે વચ્ચે તકલીફ આવે અને પોતાને જેવી સાધના કરવી હોય એવી સાધના થઈ ન શકે, એટલે જીવને પુરુષાર્થની અંદર કોઈ વિઘ્ન કે અંતરાય વચ્ચે આવી જાય તો જીવને એમ થાય કે મારે આ જે પુરુષાર્થ કરવો છે તે બરાબર થતો નથી. તો આપણા જિન ભગવંતોએ બાવીશ પ્રકારના પરિષહ કહ્યા છે. જીવ જે કાંઈપણ આરાધન કરતો હોય એમાં આવા અલગ અલગ પ્રકારના પરિષહ નડતા હોય અને એ બાવન પ્રકારના પરિષહમાં એક અજ્ઞાન પરિષહ અને બીજો દર્શન પરિષહ. આ બે પરિષહની વાત આની અંદર મૂકી તો જ્યાં સુધી જીવને અજ્ઞાન છે ને ત્યાં સુધી એને દુઃખ જ છે. અજ્ઞાન છે ત્યાં દુઃખ છે ને છે જ. અજ્ઞાની જીવને દુઃખને લીધે સતત ક્લેષિત ભાવો થયા કરતા હોય છે. ઉદ્વેગ અને ઉચાટ થયા જ કરતા હોય છે. થયાં જ કરતાં હોય છે. જીવને એમ થાય કે મારે તો હવે આ બધા દુઃખથી છૂટવું છે તો હું ક્યારે આ બધાથી છૂટીશ ? અને દુઃખથી છૂટવા એ જેમ જેમ પુરુષાર્થ અને પ્રયત્ન કરે, એમ દુઃખ તો જતું નથી પણ એમ ને એમ જ સામે કોઈ ને કોઈ રીતે આવ્યા જ કરતું હોય છે. જીવને એમ થાય કે મારું અજ્ઞાન જાય અને મને આત્મદર્શન થાય એટલે બધી જ મારી મુશ્કેલી દૂર થવાની. એ પુરુષાર્થ કરતો હોય છતાં એનું અજ્ઞાન જતું ન હોય અને આત્મદર્શન થતું ન હોય તો જીવને અજ્ઞાન કાઢવું છે અને પોતાના આત્મસ્વરૂપમાં નિવાસ કરવો છે એટલે કે બધા દુઃખથી મુક્ત થવું છે. આમ એને અંદરથી તીવ્ર ઝંખના છે પરંતુ એ પુરુષાર્થ કરે છે છતાંયે એ જતું નથી તો અંદરથી ખૂબ ઉદ્વેગ, ઉચાટ છે. એટલે એમ કહીએ કે જીવ પુરુષાર્થ કરે છે અને છતાં એને પરિણામ મળતું નથી ત્યારે ઘણીવાર એની આંખમાંથી પાણી ચાલ્યા જાય કે મારું અજ્ઞાન જતું કેમ નથી ? જ્યારે જીવને અંદરથી અજ્ઞાન દૂર કરવાની આવી ઝંખના જાગે અને એ અજ્ઞાન દૂર ન થાય તો એને અંદરથી શાંતિ ન લાગે. અને એને એમ જ થાય કે ભઈ, આમાં હું નીચે મને બેસી નથી શકતો. જીવની આવી તીવ્ર ઝંખના છતાં એનું કાર્ય ન સધાતું હોય તો કિસનદાસ છે ને એ એવા મુમુક્ષુ છે કે એને કૃપાળુદેવના દર્શનની ઝંખના છે અને એને પ.કૃ.દેવનાં દર્શન નથી થતાં તો એનાથી રહેવાતું નથી. એને એટલું બધું અંદરથી દુઃખ થાય છે, એટલું બધું દુઃખ થાય છે કે એની અસર એના શરીર પર પડે છે. બીજા બધા મુમુક્ષુને પણ એમ થાય છે કે આ કૃપાળુદેવ વગર રહી શકતા નથી. પ્રથમ તો જીવને જ્ઞાનીપુરુષના દર્શનની ઝંખના હોય અને એ ઝંખનાની સાથે સાથે જ્ઞાનીપુરુષ પ્રત્યે અહોભાવ હોય કેમ કે એ અજ્ઞાન એનું છે તે પણ જ્ઞાનીપુરુષ થકી જ જવાનું છે ને ? એટલે પછી એ જ્ઞાનીપુરુષ એને જે રસ્તો બતાવે એ રસ્તાથી એ પુરુષાર્થ કરે અને પછી એનું અજ્ઞાન જો જતું ન હોય તો એને આત્મદર્શનની ઝંખના રહે. તો આ કિસનદાસની પરિસ્થિતિ આવી છે કે એ કૃપાળુદેવના દર્શન વગર રહી શકતા નથી. એટલા માટે એને હવે અજ્ઞાન પરિષહ અને દર્શન પરિષહનું સ્વરૂપ બતાવે છે. તેમને કહે છે કે તમે જો આના



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

પર ખૂબ વિચાર કરશો તો તમારામાં એક પ્રકારની ધીરજ ઊભી થશે. હવે આગળ કહે છે કે, **કોઈપણ પ્રકારે પોતે કંઈ મનમાં સંકલ્પ્યું હોય કે આવી દશામાં આવીએ અથવા આવા પ્રકારનું ધ્યાન કરીએ, તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તો તે સંકલ્પેલું પ્રાયે (જ્ઞાનીનું સ્વરૂપ સમજાયે) ખોટું છે, એમ જણાય છે.** જીવને હવે અજ્ઞાન કાઢવું છે પણ હકીકતમાં જ્ઞાન એટલે શું ? એ તો ખબર નથી. એને એવી જ રીતે જે સાધકો છે એ સાધકો ધ્યાન કરે છે અને એમ ધ્યાન કરતાં કરતાં આત્માનું દર્શન થઈ જશે તો એને થાય કે ત્યારે એને શું દેખાશે ? કેમ થશે ? શું જણાશે ? એવી અંદરથી કલ્પનાઓ ઊભી થતી હોય. એમાં વળી એવાં કોઈકનાં વચનો સાંભળેલાં હોય, ક્યાંય કંઈ વાંચેલું હોય તો જીવની કલ્પનામાં એ બધું આવ્યા કરતું હોય કે ભાઈ, હું ધ્યાન કરીશ તો મને ખૂબ પ્રકાશ દેખાશે. એટલે મને આત્માની પ્રાપ્તિ થઈ જશે. કોઈકને એમ થાય કે મને 'આવું' થાય એટલે હું આગળ વધી જઈશ, અથવા તો મને આત્મદર્શન થશે. આવી રીતે થોડું થોડું ક્યાંય જાણેલું હોય અને જાણેલું હોય એ બરાબર જીવ સમજતો ન હોય અને મનથી કાંઈક કલ્પનાઓ થઈ ગઈ હોય તો આ વાત છે એ એવી છે કે એની અંદર જીવનો સ્વચ્છંદ આવી જાય છે. અને એ સ્વચ્છંદ આવે ત્યારે એ જીવને અવરોધરૂપ થતો હોય છે. જીવને આગળ વધવા નથી દેતો. આગળ કહે છે કે, **યથાર્થ બોધ એટલે શું તેનો વિચાર કરી, અનેક વાર વિચાર કરી, પોતાની કલ્પના નિવૃત્ત કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે.** આના માટે થઈને યથાર્થ બોધ એટલે શું ? એના ઉપર જીવે વિચાર કરવો જોઈએ એટલું જ નહીં પણ અનેકવાર વિચાર કરી અને પછી જીવ જે કંઈ આરાધના કરતો હોય એની અંદર કલ્પના તો હોવી જ ન જોઈએ. અને જે કંઈપણ પોતાના મનની અંદર કલ્પનાના ઘોડાઓ ઊભા થયા હોય તે બધાને શમાવી દેવા જોઈએ. ઘણા બધા જીવો છે તેને આ વાતનો ખ્યાલ ન હોય અને ક્યાંયને ક્યાંય પોતાની આરાધનાની અંદર અટકીને બેઠેલા હોય. આમ દાખલો આપીએ તો ઘણા સાધક એવા હોય કે જે ધ્યાન કરવા બેસે તો જે રેગ્યુલર ધ્યાન કરતા હોય અને જરાક થોડી સ્થિરતા આવી અને એ સ્થિતિ જે એને ગમતી હોય ને એટલામાં અને એટલામાં જ એ રમ્યા કરે. પછી એનાથી આગળ એ જીવ પ્રગતિ ન કરી શકતો હોય અને એને પોતાને એમ લાગે કે પોતે ઘણી ઊંચી દશા સુધી પહોંચી ગયો છે. પણ એ પોતે ધ્યાનની ભૂમિકામાં જે પગથિયે છે, પછી એ પહેલું હોય કે બીજું હોય. પણ એ પગથિયાંની અંદર એને એ સ્થિતિ ગમે છે એટલે એ એટલામાં જ રમે છે. અને આગળ વધવાનો પ્રયત્ન પણ નથી કરતો. એને જો આગળ વધવાનો પુરુષાર્થ કરવાનું કહેવામાં આવે તો એ પુરુષાર્થ કરે ત્યારે પોતે જે ભૂમિકામાં હોય એ ન રહેતી હોય તો એને એમ થાય કે આમાં મને મજા નથી આવતી. પણ પોતે પ્રગતિ કરે અને જરા વધુ સ્થિર થાય તો એને વિશેષ ખ્યાલ આવે ને ? એમ ઘણા સાધકો એવા છે કે પોતે અમુક લક્ષ સુધી પહોંચી એ લેવલથી આગળ વધવાનો પુરુષાર્થ જ ન કરતા હોય અને એમાં પોતાની કંઈ ને કંઈ કલ્પના જોડીને બેસી ગયા હોય તો એની પ્રગતિ અટકી જતી હોય છે. આમ બધાની અલગ અલગ ભૂમિકાએ અલગ અલગ મુશ્કેલીઓ હોય. કૃપાળુદેવ કહે છે એમાં જ્યાં પોતાની કલ્પના છે એ કલ્પના તો એણે છોડ્યે જ છૂટકો છે. **'અધ્યાત્મસાર'નું વાંચન, શ્રવણ ચાલે છે તે સારું છે. અનેક વાર ગ્રંથ વંચાવાની ચિંતા નહીં, પણ કોઈ પ્રકારે તેનું અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે એમ કરવું યોગ્ય છે.** તો હવે આ અધ્યાત્મસાર પુસ્તક વાંચે છે અથવા સાંભળે છે તો



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

કૃ.દેવ કહે છે કે એ સારું છે. પણ જીવ એક ને એક વસ્તુ અનેકવાર વાંચે એના કરતાં એણે જે કંઈ પણ વાંચેલું છે એના ઉપર સતત મનન, ચિંતન, અનુપ્રેક્ષણ કરે તો એ એને વધુ ફાયદાકારક છે. હવે કહે છે કે **પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પણ પ્રકારનું આકુળવ્યાકુળપણું રાખવું–થવું–તેને 'દર્શનપરિષહ' કહ્યો છે. એ પરિષહ ઉત્પન્ન થાય તે તો સુખકારક છે; પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે.** તો હવે પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પ્રકારનું આકુળ-વ્યાકુળપણું રાખવું. જેમ આપણે વાત કરી કે જીવને અંદરથી એક એ કે મને ક્યારે જ્ઞાનની પ્રાપ્તિ થશે ? એમ આકુળતા થતી હોય તો એ એની ભૂમિકાએ બહુ ઉપકારી છે. અથવા તો ક્યારે પ્રાપ્તિ થશે એની સતત અંદરથી જિજ્ઞાસા રહ્યા કરવી એ ખૂબ ઉપકારી છે. બીજી રીતે કહીએ કે સતત પોતાને જે પદ સુધી પહોંચવું છે એ ત્યાં સુધી ન પહોંચાય ત્યાં સુધી આંખમાંથી આંસુ સુકાય નહીં, અથવા તો 'નિશદિન નૈનનમેં નીંદ ન આવે.' આવી પરિસ્થિતિ થાય ત્યારે 'તબહી નર નારાયણ પાવે.' આમ જીવે એકધારો સતત પુરુષાર્થ કરવો જોઈએ. આમ આ દર્શન પરિષહ સુખકારક છે એમ કહે છે. પણ એ આકુળવ્યાકુળતા જ્યાં છે ને એની સાથે ધીરજ જોઈએ, ધૈર્ય જોઈએ. અને એ ધીરજપૂર્વક જો દર્શન પરિષહ વેદવામાં આવે તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થાય છે. આમ જીવ સમ્યક્દર્શનની પ્રાપ્તિ કરી શકે. આપણે દરેક સાધકને લક્ષમાં રાખીને આ વાત કરી રહ્યા છીએ, જો કે દરેક સાધકની ભૂમિકા અલગ અલગ છે. શિબિર શરૂ થતી હોવાથી દરેક સાધકને અંદરથી એક વ્યાકુળતા ઉત્પન્ન થવી જોઈએ કે આ શિબિર જેમાં પાંચ કે છ દિવસનો જે ક્રમ છે એ દરમ્યાન એવું આરાધન કરવું છે, એવું આરાધન કરવું છે કે મારે મારું કાર્ય ન થાય ત્યાં સુધી મારે મારા શરીરના આરામનો કે ઊંઘનો કે એવો કાંઈ વિચાર જ નથી કરવો. સતત પુરુષાર્થ જ કરવો છે. ખાવું ન ભાવે, પીવું ન ભાવે, બીજું કાંઈ જ ગમે નહીં, બસ એક પુરુષાર્થ અને પુરુષાર્થ જ. મારે આ પાંચ દિવસની શિબિરમાં પસાર થતી એકેક પળનો બરાબર ઉપયોગ કરવો છે. આમ આવી અંદરથી એક જિજ્ઞાસા ઊભી કરવી જોઈએ. અને જે કોઈપણ પુરુષાર્થ કરવાનો આવે એ ખૂબ સમજણપૂર્વક, વ્યવસ્થિત અને ધૈર્યપૂર્વક હોવો જોઈએ. આમ જો જીવ કરે તો પોતે પોતાના લક્ષ સુધી પહોંચી જઈ શકે. **તમે 'દર્શનપરિષહ'માં કોઈ પણ પ્રકારે વર્તો છો, એમ જો તમને લાગતું હોય તો તે ધીરજથી વેદવા યોગ્ય છે; એમ ઉપદેશ છે.** એટલે એમને અંદરથી ઉદ્વેગ, ઉચાટ થાય છે અને પછી જે આંતરિક ધીરજ હોવી જોઈએ એ નથી રહેતી. અને એમના શરીર પર અસર થાય છે. એટલે કૃપાળુદેવ કહે છે કે અંદરથી ધીરજ પણ જોઈએ. આટલું કહ્યા પછી પ.કૃ.દેવ એમને સર્ટિફિકેટ આપે છે કે **દર્શન પરિષહમાં તમે પ્રાયે છો એમ અમે જાણીએ છીએ.** આમાં પ્રાયે શબ્દ મૂક્યો છે. **કોઈપણ પ્રકારની આકુળતા વિના વૈરાગ્યભાવનએ, વીતરાગભાવે, જ્ઞાની વિષે પરમભક્તિભાવે સત્શાસ્ત્રાદિક અને સત્સંગનો પરિચય કરવો હાલ તો યોગ્ય છે.** હવે આપણે શું કરવું ? તે પ.કૃ.દેવ સમજાવે છે. એમને જે ખૂબ વધારે પડતી આકુળતા થઈ ગઈ છે ને કે જેમાં ધીરજની ખામી છે. કોઈપણ પ્રકારની આકુળતા વિના આમ એકેક શરત છે કે વૈરાગ્યભાવ જોઈએ આ એક વાત, પછી વીતરાગભાવે એટલે કે રાગદ્વેષ ન થવા જોઈએ આ બીજી શરત. પછી જ્ઞાની વિષે પરમભક્તિભાવે-તો અંતઃકરણની અંદર ભક્તિ ઉત્પન્ન થવી જોઈએ અને એ પણ પરમભક્તિ કહે છે. પછી સત્-શાસ્ત્રાદિક અને સત્સંગનો પરિચય કરવો. તો જે પણ શાસ્ત્રો, આમ



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

તો મુખ્યપણે જે આજ્ઞા થઈ હોય એ શાસ્ત્રોનો પરિચય અને સત્સંગ એ કરવાનું એમને કહ્યું. એ કહે છે હાલ તમારા માટે આટલું યોગ્ય છે. **કોઈપણ પ્રકારની પરમાર્થ સંબંધે મનથી કરેલા સંકલ્પ પ્રમાણે ઈચ્છા કરવી નહીં; અર્થાત્ કંઈ પણ પ્રકારના દિવ્યતેજયુક્ત પદાર્થો ઈત્યાદિ દેખાવા વગેરેની ઈચ્છા, મનઃકલ્પિત ધ્યાનાદિ એ સર્વ સંકલ્પની જેમ બને તેમ નિવૃત્તિ કરવી.** તો પરમાર્થ સંબંધે એમ કે મનથી કરેલા સંકલ્પ પ્રમાણે ઈચ્છા કરવી નહીં. મનથી એવી ઈચ્છા કરી હોય કે બસ મને તો ખૂબ પ્રકાશ દેખાય અથવા તો મને આવું થાય, આવું થાય એવા બધા ભાવ અંદરથી ઊભા થયા હોય તો આવા જે ખોટી જાતના વિકલ્પો કરતો હોય અથવા કલ્પના કરતો હોય, એ કલ્પના અને એ કલ્પના પ્રમાણે થાય એ ઈચ્છા, એવી ઈચ્છા ન કરવી. એટલે હવે સ્પષ્ટ કરે છે. કંઈ પણ પ્રકારના દિવ્ય તેજયુક્ત પદાર્થો એટલે કે એ જ્યારે ધ્યાન કરવા બેસે તો એને આમ દિવ્ય અને તેજયુક્ત પદાર્થો એને દેખાય-એ વગેરેની ઈચ્છા અને મનકલ્પિત ધ્યાન એટલે પોતાના મનની કલ્પના કે ધ્યાનમાં આવું બધું થાય એ સર્વ સંકલ્પની જેમ બને તેમ નિવૃત્તિ કરવી. **'શાંત-સુધારસ'માં કહેલી ભાવના, 'અધ્યાત્મસાર'માં કહેલો આત્મનિશ્ચયાધિકાર એ ફરી ફરી મનન કરવા યોગ્ય છે. એ બેનું વિશેષપણું માનવું.** પ.કૃ.દેવે તેમને બે ગ્રંથના આધારની વાત કરી. એક તો શાંત-સુધારસ જેની અંદર આપણી બાર ભાવનાઓ છે તથા એ ઉપરાંત બીજી ચાર ભાવનાઓ એમ કુલ મળીને સોળ ભાવનાઓ આપવામાં આવી છે. તો એ ભાવનાઓ અને અધ્યાત્મસારમાંથી આત્મનિશ્ચય અધિકાર વાંચવાની ભલામણ કરી. હવે આગળ કહે છે **'આત્મા છે' એમ જે પ્રમાણથી જણાય, 'આત્મા નિત્ય છે' એમ જે પ્રમાણથી જણાય, 'આત્મા કર્તા છે' એમ જે પ્રમાણથી જણાય, 'આત્મા ભોક્તા છે' એમ જે પ્રમાણથી જણાય, 'મોક્ષ છે' એમ જે પ્રમાણથી જણાય, અને 'તેનો ઉપાય છે' એમ જે પ્રમાણથી જણાય, તે વારંવાર વિચારવા યોગ્ય છે.** તો આ છ એ પદ એ જે પ્રમાણથી જણાય એ રીતે વારંવાર વિચાર કરવા યોગ્ય છે. એ ઉપરાંત અધ્યાત્મસાર કે બીજા કોઈ ગ્રંથમાં એ વાત હોય તો વિચારવામાં બાધ નથી. **કલ્પનાનો ત્યાગ કરી વિચારવા યોગ્ય છે** કલ્પના ન જોઈએ. આ કલ્પના શબ્દનો પ.કૃ.દેવે આ પત્રની અંદર ત્રણથી ચાર વાર ઉપયોગ કર્યો છે. એનો ત્યાગ કરી વિચારવા યોગ્ય છે. વળી એમણે કંઈ પૂછાવેલું હશે અથવા તો પત્ર દ્વારા જણાવેલું હશે તો કહે છે કે, **જનક વિદેહીની વાત હાલ જાણવાનું ફળ તમને નથી. બધાને અર્થે આ પત્ર છે.**

આ રીતે આપણે જે આ એક પત્ર જોયો કે જેની અંદર બધા સાધકોએ પોતે જે કંઈ પણ આરાધના કરે ને તેમાં અંતરાયો કે પરિષહ તો આવવાના જ. તો એણે એ પરિષહને દૂર કરી, અને પોતાનો પુરુષાર્થ કરી કોઈપણ રીતે પ્રગતિ કરવાની છે. એ પ્રગતિ માટે થઈને આ પુરુષાર્થ એક જ એવો છે કે જે ગમે તે તકલીફ કે કોઈપણ પ્રકારની મુશ્કેલી હોય તો પણ એણે જે પુરુષાર્થ કરવો છે ને એ તે પોતે કરી શકે છે. કઈ રીતે ? તો કહે કે જીવને કંઈ શારીરિક મુશ્કેલી હોય, તો એને એમ થાય કે મારાથી બેસી પણ શકાતું નથી અથવા તો બેસું છું તો કોઈ ને કોઈ જગ્યાએ કાંઈ દરદ થતું હોય છે. અથવા કંઈ મુશ્કેલી થતી હોય છે. એમ શારીરિક તકલીફ અનેક પ્રકારે જીવને નડતી હોય અને જ્યાં સુધી એ મુશ્કેલીઓ જીવને નડતી હોય ત્યાં સુધી એનું ધ્યાન સરખું થાય જ નહીં. એને એમ થાય કે મારું શરીર એવું છે કે માંડ દશ મિનિટ બેસું ને ત્યાં ફરી તકલીફ ચાલુ કરી દે.



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

દશ મિનિટ સરખું ધ્યાન થાય પછી નથી થતું. આમ આ એક પ્રકારની મુશ્કેલી, બીજું કોઈને બાહ્ય વ્યાધિઓ એટલે કે કંઈક ઉપાધિ એવી હોય કે એ ઉપાધિથી એને શાંતિ ન હોય, ધ્યાન સરખું ન કરી શકતા હોય તો કોઈકને આધિ હોય. આમ જેને કહીએ કે ત્રિવિધ પ્રકારની જે તકલીફો છે અને એમાંની કોઈને કોઈ તકલીફ જો જીવને હોય તો પણ એને પુરુષાર્થ કરવાનો છે. જો જીવને અંદરથી એમ થાય કે જો આટલી મુશ્કેલી હોય તો ધ્યાનમાં અંદરથી સ્થિરતા આવે કેમ ? પુરુષાર્થ થાય કેમ ? પણ આ પુરુષાર્થ જ એવો છે કે સાધકે પોતાના ચિત્તને મુશ્કેલીઓમાંથી હઠાવી સાધનામાં લગાવવાનું છે. એમાં જ્યાં સુધી જીવને મુશ્કેલી જ પહાડ જેવી દેખાય છે અને પુરુષાર્થ એવો એના હિસાબે થઈ નથી શકતો. આવું જીવને લાગે છે ને ત્યાં સુધી એ આગળ નથી વધી શકતો. પ્રગતિ નથી કરી શકતો અથવા એ પોતાના લક્ષ સુધી પહોંચી નથી શકતો. ગમે તે પ્રકારની મુશ્કેલી હોય તો પણ જીવે પોતાના ચિત્તને એ મુશ્કેલીમાંથી દૂર કરી અને સાધનામાં લગાવવાનું છે. એમાં એને સ્થિર કરવાનું છે. પછી શરીર પલોઠી વાળીને બેઠું હોય, લાંબા પગ કરીને બેઠું હોય, ખુરશી પર બેઠેલું હોય કે પોતાના ગાદલા પર બેઠેલું હોય પણ એ શરીરની મુશ્કેલીમાંથી ચિત્ત હટવું જ જોઈએ અને સાધનામાં લાગવું જ જોઈએ. બાહ્ય ઉપાધિમાંથી ચિત્તને હટાવીને સાધનામાં લગાવવાનું છે. આવી રીતે ગમે તેવા પરિષહ કે મુશ્કેલી હોય પણ જે પ્રમાણે પુરુષાર્થ કરવાનું કીધું છે એ પ્રમાણે યથાતથ્ય, બરાબર પુરુષાર્થ કરવામાં આવે તો એ સાધકને ગમે તેવી મુશ્કેલી હોવા છતાં એ મુશ્કેલી એને નડશે નહીં કે અટકાવશે નહીં. આવી રીતે દરેકે દરેક સાધકે તૈયાર થવાનું છે.

❖ ❖ ❖

ॐ

**॥ સહજાત્મસ્વરૂપાય નમઃ ॥**

"ગ્રંથિના બે ભેદ છે. એક દ્રવ્ય—બાહ્ય ગ્રંથિ, બીજી ભાવ—અભ્યંતર ગ્રંથિ. સમ્યક્ પ્રકારે બન્ને ગ્રંથિથી નિવર્તે તે નિર્ગ્રંથ."

અભ્યંતર ગ્રંથિમાં મોહનીય કર્મની, દર્શન મોહનીય તથા અનંતાનુબંધી કષાયની ચોકડી એને પણ ગ્રંથિ કહેવામાં આવે છે. આ ગ્રંથિ જ્યાં સુધી છેદાય નહીં ત્યાં સુધી બાકીની ગ્રંથિને ક્ષય કરવાનો પુરુષાર્થ કરવામાં આવે તો પણ મૂળ ગ્રંથિ ઊભી છે ત્યાં સુધી તેમાં સફળતા મળતી નથી. આ મૂળ ગ્રંથિમાં દર્શન મોહનીયની, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય તથા ચારિત્ર મોહનીયની અનંતાનુબંધી—ક્રોધ, માન-માયા-લોભ એમ સાત પ્રકૃતિની એક નિબિડ ગાંઠ પડેલી છે. અને અનાદિ કાળથી જીવ તેનાથી ઘેરાયેલો છે. બીજી રીતે કહીએ તો અગૃહિત મિથ્યાત્વની જ ગ્રંથિ છે. પૂર્વે આપણે અનંતવાર બાહ્ય ગ્રંથિ છોડીને સર્વ સંગ પરિત્યાગ કરીને સાધુપણું સ્વીકાર્યું છે. પણ અગૃહિત મિથ્યાત્વને ક્યારેય છોડ્યું નથી. તેથી બધો જ પુરુષાર્થ નિષ્ફળ ગયો છે. તો આ મોહનીય કર્મની સાત પ્રકૃતિની ગ્રંથિ શું છે ? તે કેમ છૂટી શકતી નથી ? તેના પર વિચારણા કરીએ.

પ્રથમ પત્રાંક ૪૭માં પ.કૃ.દેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે — "અનંતાનુબંધ ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વ મોહિની, મિશ્ર મોહિની, સમ્યક્ત્વ-મોહિની—એ ત્રણ એમ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યક્દૃષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે... તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથિને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. 'જે



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દૃષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશ—એ નિઃસંદેહ છે.'

"જે કષાય પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિન પ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્ત (માઠા) ભાવે તીવ્રોપયોગે આત્માની પ્રવૃતિ છે, ત્યાં 'અનંતાનુબંધી'નો સંભવ છે....(૧) સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય તથા વિમુખભાવ થાય એ આદિ પ્રવૃત્તિથી (૨) તેમજ અસત્ દેવ, અસદ્ ગુરુ તથા અસત્ ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતા 'અનંતાનુબંધી કષાય' સંભવે છે અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી' હોવા યોગ્ય છે. (પ.-૬૧૩)

"અનંતાનુબંધીનો બીજો પ્રકાર (પ.-૬૧૩)માં લખ્યો છે તે વિષે વિશેષાર્થ નીચે લખ્યાથી જણાશે; ઉદયથી અથવા ઉદાસભાવ સંયુક્ત મંદ-પરિણત બુદ્ધિથી ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીમાં જ્ઞાનીની આજ્ઞા પર પગ મૂકીને પ્રવૃત્તિ થઈ ન સંભવે, પણ જ્યાં ભોગાદિને વિષે તીવ્ર તન્મયપણે પ્રવૃત્તિ થાય ત્યાં જ્ઞાનીની આજ્ઞાની કંઈ અંકુશતા સંભવે નહીં, નિર્ભયપણે ભોગ પ્રવૃત્તિ સંભવે. જે નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તેવાં પરિણામ વર્તે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે. તેમ જ 'હું સમજું છું', 'મને બાધ નથી', એ વાતે એવા બફમમાં રહે, અને 'ભોગથી નિવૃત્તિ ઘટે છે અને વળી કંઈ પણ પુરુષત્વ કરે તો થઈ શકવા યોગ્ય છતાં પણ મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગાદિકમાં પ્રવર્તના કરે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે." (પ.-૬૨૨)

"ખોટી પ્રતીતિને અનંતાનુબંધીમાં સમાય... અણપ્રતીતિ એ દોષ જુએ તો મિથ્યાત્વ" (ઉ.છા.-૬)

"જે ક્રોધાદિથી અનંત સંસારની વૃદ્ધિ થાય તે અનંતાનુબંધી કષાય છે." (વ્યા.સા.-૧/૨૦)

"મોક્ષથી વિપરીત એવો જે અનંત સંસાર તેની વૃદ્ધિ જેનાથી થાય છે તેને અનંતાનુબંધી કહેવામાં આવે છે, અને છે પણ તેમજ." (વ્યા.સા.૧/૨૧)

"જો કે ક્રોધાદિભાવ લૌકિકે પણ અફળ નથી; પરંતુ વીતરાગે પ્રરૂપેલ વીતરાગજ્ઞાન અથવા મોક્ષધર્મ અથવા તો સત્‌ધર્મ તેનું ખંડન અથવા તે પ્રત્યે ક્રોધાદિભાવ તીવ્રમંદાદિ જેવે ભાવે હોય તેવે ભાવે અનંતાનુબંધી કષાયથી બંધ થઈ અનંત એવાં સંસારની વૃદ્ધિ થાય છે." (વ્યા.સા.-૧/૨૨)

"સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં (અનંતાનુબંધી) ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈપણ ઉદય થવા સંભવે છે, અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થ માર્ગવાળો જીવ તે ન હોય."

"તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યગ્‌દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા, લોભ હોય નહીં. જે સંસાર અર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે, કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી; માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે, તે પરમાર્થ જ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે. તે

સત્ગુરુ, સત્દેવ, સત્ધર્મ પ્રત્યે અસત્-ગુર્વાદિકના આગ્રહથી, માઠા બોધથી, આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે. તેમ જ તે માઠા સંગથી તેની સંસાર વાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે; એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.'' (પ.-૪૫૯)

''હું જાણું છું, એ મારું અભિમાન, કુળ ધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઈ પંચ વિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું, એ આદિ પ્રકાર છે'—તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે.'' (પ.-પ૨૨)

જીવને પરેશાન કરતી મોહનીય કર્મની સાત પ્રકૃતિની ગાંઠ વિષે આપણે પ.કૃ.દેવના શબ્દોમાં જોયું, એ જ પ્રમાણે શાસ્ત્ર પરિભાષા પણ સાખ પૂરે છે. આ ગ્રંથિ (ગાંઠ)ને તોડવા માટે સમ્યગ્દર્શન પ્રગટ કરવું જરૂરી છે. આ ગ્રંથિ તૂટતાં જીવ ચોથા ગુણસ્થાનકે આવે છે, જે અવિરતિ સમ્યગ્દષ્ટિપણું કહેવાય છે. અહીંથી જ જીવનો નિશ્ચય મોક્ષમાર્ગ શરૂ થાય છે.

જગતમાં સત્પરમાત્માની ભક્તિ-સત્ગુરુ-સત્સંગ-સત્શાસ્ત્ર, અધ્યયન, સમ્યક્દષ્ટિપણું અને સત્યોગ એ કોઈ કાળે પ્રાપ્ત થયા નથી અથવા થયા છે તો પણ તે પ્રત્યે વિમુખપણે વર્ત્યો છે, તેથી ગ્રંથિભેદ કરી શકાયો નથી અને સંસાર પરિભ્રમણનો અંત આવ્યો નથી પણ હવે આ ભવમાં આ યોગ પૂર્વ પુણ્યના ઉદયે પ્રાપ્ત થયો છે તો યથાર્થ પરમાર્થમાર્ગ આરાધી ભવ ભ્રમણમાંથી પાર ઊતરવા પુરુષાર્થી બની જઈએ તે જ હિતાવહ છે, કલ્યાણકારી છે.

જ્યાં સુધી સદ્ગુરુના ઉપદેશ પ્રમાણે કે આજ્ઞા પ્રમાણે ચાલવાનો આગળ વધવાનો પુરુષાર્થ કરવામાં નથી આવતો ત્યાં સુધી આ ગ્રંથિ મોળી પડતી નથી.

આપણી પાસે વૈભવી સામગ્રી હોવી એ ગ્રંથિ નથી, પણ તેમાં એકત્વપણું એ ગ્રંથિ છે. વૈભવી સામગ્રી હોવા છતાં તેમાં એકત્વ ન થવું તે ગ્રંથિભેદ છે. આ માટે **'યોગાનુયોગ'** પ્રાપ્તિ થવી જરૂરી છે. **'યોગાનુયોગ'** એટલે કે કોઈપણ અસ્વાભાવિક રીતે નિમિત્ત પામીને અથવા તેવા નિમિત્તની હાજરીમાં જીવની પોતાના ઉપાદાન તરફ જે દૃષ્ટિ જાય છે, તેવાં આંતરદૃષ્ટિ થવાના નિમિત્ત જોગનું નામ **'યોગાનુયોગ'** છે.

અનંતકાળથી જીવ સંસારમાં તેની અવળી માન્યતા કે સમજણને કારણે પરિભ્રમણ કરી રહ્યો છે. અજ્ઞાનરૂપ ગાંઠ પડી ગઈ છે તે જ ગ્રંથિ છે. આ ગ્રંથિ છેદવા માટે સદ્ગુરુની નિશ્રાની જરૂર પડે છે. પણ આ દુષમકાળની અસરના કારણે જીવ દિશા પકડવાને બદલે દિશા બતાવનારને જ વળગી પડે છે. ખરેખર તો દિશા બતાવનારની આંગળી જોઈ, દિશા તરફ નજર કરવી, એમાં જ સાધકનું શ્રેય કલ્યાણ સમાયેલું છે.

પ.કૃ.દેવ વ્યા.સાર-૧/૧માં જણાવે છે કે :- ''હિંમત કરી આગળ વધવા ધારે છે, પણ મોહનીયના કારણથી રૂપાંતર સમજાઈ પોતે ગ્રંથિભેદ કરે છે, તેમ સમજે છે અને ઊલટું તે સમજવારૂપ મોહના કારણથી ગ્રંથિનું નિબિડપણું કરે છે. તેમાંથી કોઈક જ જીવ, જોગાનુજોગ પ્રાપ્ત થયે, અકામ નિર્જરા કરતાં અતિ બળવાન થઈ તે ગ્રંથિને મોળી પાડી અથવા પોચી કરી આગળ વધી જાય છે.''

હિંમત બે પ્રકારની છે : સાંસારિક કાર્યની અને પારમાર્થિક કાર્યની. સાંસારિક કાર્યમાં હિંમત



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

કરવી એટલે પોતાની તમામ તાકાતને ભેગી કરી એકી સાથે હુમલો કરવો. પણ પારમાર્થિક કાર્યમાં હિંમત ભેગી કરવાનું લક્ષ અને હુમલો કરવાનું લક્ષ, તે જ દિશા ચૂકી જવી તે છે. સાંસારિક હિંમત આવેશયુક્ત હોય છે, અને તેમાં પોતાની તાકાતનું ભાન રહેતું નથી, પણ પારમાર્થિક કાર્યમાં હિંમત એટલે સમતા-સમભાવને ધારણ કરવા તે છે, એટલે કે હિંમત કરી આગળ વધવું તે 'સમતા'ને ધારણ કરી આગળ વધવું તેમ ગણવાનું છે. પારમાર્થિક સાધકની ખરી હિંમત એ છે કે તે કેટલો સમય સમતાભાવમાં, સામ્યભાવમાં કે સમાધિભાવમાં સ્થિતિ કરી શકે છે.

વળી **'યોગાનુયોગ'**ની હાજરીમાં અકામ નિર્જરાથી જીવને ગ્રંથિભેદની આગળની ભૂમિકાઓની પ્રાપ્તિ થાય છે. એટલે કે ગ્રંથિભેદની નજીક જવું, અતિ બળવાન થવું, ગ્રંથિને પોચી પાડવી અને ગ્રંથિનો ભેદ કરવો—આ પ્રકારની પાત્રતા પ્રાપ્ત થાય છે. પરમાર્થ માર્ગમાં અકામ નિર્જરાને જોગાનુજોગની પ્રાપ્તિ થયા પછી પણ શરૂઆતમાં જરૂરી ગણવામાં આવી છે. જોગાનુ-જોગની પ્રાપ્તિ થવાથી સકામ નિર્જરાની શરૂઆત થઈને પછી સકામ નિર્જરા મુખ્યપણે ભાગ ભજવે છે. અને અકામ નિર્જરાનું બળ ક્રમેક્રમે ક્ષીણ થતું જાય છે.

અતિ બળવાન થવું એટલે પરમાર્થ માર્ગમાં કોઈ કરવાની ક્રિયા તે પુરુષાર્થ નથી, પણ જેટલી સહજતા-સમતા-વીતરાગતા પ્રગટે તેટલો પુરુષાર્થ કહેવાય. આનો અર્થ એ થયો કે જેટલા પ્રમાણમાં સહજતા-સમતા-વીતરાગતા પ્રગટે એટલા પ્રમાણમાં અનંતાનુબંધી કષાયનું જોર ઘટે અને તેનું જોર ઘટવાથી તેને આશ્રિત મિથ્યાત્વ-ભ્રાંતિ-અજ્ઞાનનું જોર ઘટતું જાય છે. આમ થતાં ગ્રંથિ પોચી પડતી જાય છે અને સમતાનું જોર વધારવાથી-ગ્રંથિભેદ તરફ એકદમ આગળ વધી જવાય અને ગ્રંથિભેદ થઈ જાય.

મોહનીયના કારણે મૂળ લક્ષ ચૂકી જવું તે મોહનીયનું રૂપાંતર સમજાવું તે છે. મોહનીયના કારણે રૂપાંતર સમજાયા પછી તેને સાચું માનીને આગળ વધવું તે ગ્રંથિનું નિબિડપણું છે.

જીવ જ્યારે ગ્રંથિને ભેદવાની સાધના કરી રહ્યો હોય છે ત્યારે જીવને શુભભાવ અને સમતાને કારણે લબ્ધિ રૂપે કેટલાક ચમત્કારો નજરમાં આવે છે અને માન-કષાયના લોભી આ જીવને થોડું પણ નિમિત્ત મળતાં તેમાં આકર્ષાઈ જાય છે, અને ઉપયોગ તે તરફ જતાં ગ્રંથિભેદનો પુરુષાર્થ મંદ પડી જાય છે, આત્મલીનતા ઘટી જાય છે. તેથી ગ્રંથિભેદ થવાને બદલે ગ્રંથિ બળવાન બની જાય છે કે નિબિડ થઈ જાય છે અને સંસાર વધી જાય છે.

એટલા માટે "એક ભવના સુખ માટે અનંત ભવનું અનંત દુ:ખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે." (પ.-૪૭)

"જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથા પ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે કે, જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ દુરાગ્રહાદિ ભાવ મોળા પડવા લાગે છે કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે." (પ.-૫૨૨) સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચ વિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે, તેમ તેમ પંચવિષાદિને વિષે રક્તપણું મોળું પડે છે અને જીવ વૈરાગ્યભાવમાં આવે છે. જો તેમ થતું નથી તો એમ સમજવું કે તેને સત્પુરુષનો યોગ થતાં છતાં નહીં થવા બરાબર છે.

"જે પુત્રાદિ વસ્તુ લોક સંજ્ઞાએ ઈચ્છવા યોગ્ય જણાય છે, તે વસ્તુ દુ:ખદાયક અને અસારભૂત જાણી પ્રાપ્ત થયા પછી નાશ પામ્યાં છતાં પણ ઈચ્છવા યોગ લાગતી નહોતી તેવા પદાર્થની હાલ



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

ઈચ્છા ઉત્પન્ન થાય છે અને તેથી અનિત્યભાવ જેમ બળવાન થાય તેમ કરવાની જિજ્ઞાસા ઉદ્ભવે છે, એ આદિ ઉદાહરણ સાથે લખ્યું તે વાંચ્યું છે." (પ.-૬૧૩)

"જે પુરુષની જ્ઞાનદશા સ્થિર રહેવા યોગ્ય છે : એવા જ્ઞાનીપુરુષને પણ સંસાર પ્રસંગનો ઉદય હોય તો જાગૃતપણે પ્રવર્તવું ઘટે છે, એમ વીતરાગે કહ્યું છે, તે અન્યથા નથી; અને આપણે સૌએ જાગૃતપણે પ્રવર્તવું. તેમ કરવામાં કંઈ શિથિલતા રાખીએ તો તે સંસાર પ્રસંગથી બાધ થતાં વાર ન લાગે, એવો ઉપદેશ એ વચનોથી આત્મામાં પરિણામી કરવા યોગ્ય છે, એમાં સંશય ઘટતો નથી. પ્રસંગની સાવ નિવૃત્તિ અશક્ય થતી હોય તો પ્રસંગ સંક્ષેપ કરવો ઘટે, અને ક્રમે કરીને સાવ નિવૃત્તિરૂપ પરિણામ આણવું ઘટે, એ મુમુક્ષુ પુરુષનો ભૂમિકા ધર્મ છે." (પ.-૬૧૩)

એટલે કે એકવાર આપણે નક્કી કર્યું કે, 'આ પ્રકારનો નિયમ લીધો છે. માટે તે કાર્ય મારાથી ન થઈ શકે અને જો કરું તો મારાં પરિણામ નિર્ધ્વંસ પ્રકારનાં થઈ જાય અને આમ થાય તો અનંતાનુબંધી કષાય ઊભા થયા ગણાય. એટલે મિથ્યાત્વ જ ગાઢ થયું ગણાય. અર્થાત્ ગ્રંથિ જ મજબૂત બની ગણાય. માટે મારો પ્રયત્ન તો જાગૃતપણે અનંતાનુબંધી કષાય ઊભા ન થઈ જાય તેમ જ હોવો જોઈએ. એટલે કે જેમ જેમ મારામાં તીવ્ર રાગદ્વેષની પરિણતિમંદ થતી જવી જોઈએ તેથી વીતરાગભાવ દૃઢ થતો જાય. અનુક્રમે સમતા-સામ્યભાવ દૃઢ થાય. તેથી ગ્રંથિની પ્રકૃત્તિઓ મંદ થતી થતી ક્ષય થવા તરફ જાય. તીવ્રતા-સમતા-વીતરાગભાવ આવવાથી ગ્રંથિ પોચી થાય અને જાગૃતિ વધતાં ગ્રંથિભેદ થઈ જાય.

પત્રાંક-૬૧૪માં પ.કૃ.દેવ જણાવે છે કે : "પુત્રાદિ પદાર્થની પ્રાપ્તિમાં અનાસક્તિ જેવું થયું હતું પણ તેથી હાલ વિપરીત ભાવના વર્તે છે. તે પદાર્થને જોઈ પ્રાપ્તિ સંબંધી ઈચ્છા ઉદ્ભવે છે, તેથી એમ સમજાય છે કે કોઈ સામર્થ્યવાન મહાપુરુષો સિવાયના સામાન્ય મુમુક્ષુએ તેવા પદાર્થનો સમાગમ કરી તથારૂપ અનિત્યપણું તે પદાર્થનું સમજીને, ત્યાગ કર્યો હોય તો તે ત્યાગનો નિર્વાહ થઈ શકે. (પ.-૬૧૪)

એટલે અહીં પણ એ ચેતવણી આપી છે કે જે કોઈ નિયમ સ્વીકાર્યો હોય તેનો જો ભંગ કરવાની ઈચ્છા થાય તો તે અનંતાનુબંધી કષાયનો ઉદય થઈ જાય માટે સાધક મુમુક્ષુએ તો સતત જાગૃતિ સાથે 'સમતાભાવ' રૂપ હિંમત એકઠી કરી અનંતાનુબંધી કષાયને હઠાવવાનો જ પુરુષાર્થ કરતા રહેવું જોઈએ.

સામાન્યપણે "દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગદ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ વિના, થવી સંભવતી નથી." એટલે કે વીતરાગતાથી રાગદ્વેષની તીવ્રતા ઘટતી જાય અને અનુક્રમે અજ્ઞાન મંદ થતું જાય. તેનો અર્થ એ થયો કે તીવ્ર રાગદ્વેષ અથવા અનંતાનુબંધી કષાયની જેમ જેમ મંદતા થતી જાય તેમ તેમ અજ્ઞાન એટલે મિથ્યાત્વની મંદતા થતી જાય અને અનુક્રમે તેનો નાશ થઈ શકે. તેનો ક્ષય થતાં આત્માની અનુભૂતિ- સ્વાનુભૂતિ થાય. જેને આત્મજ્ઞાન કહેવામાં આવેલ છે.

**ઉપસંહાર :** ગ્રંથિભેદ કરવા માટે મોહનીયની સાત પ્રકૃતિમાંથી અનંતાનુબંધી કષાયની જેટલી મંદતા થતી જાય તેટલા પ્રમાણમાં અજ્ઞાનની નિવૃત્તિ એટલે મિથ્યાત્વ-દર્શનમોહની મંદતા થઈને અનુક્રમે સાતેય પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક થવાથી આત્મજ્ઞાન પ્રગટે.

**- પ્રેષક : બ્રહ્મનિષ્ઠ શ્રી રસિકભાઈ**



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

# અમેરિકાની ધર્મયાત્રાનાં સંસ્મરણો

સાધક માટે યાત્રા એટલે પરદ્રવ્ય અને પરક્ષેત્રથી પાછા વળી સ્વદ્રવ્ય અને સ્વક્ષેત્ર તરફની મુસાફરીનો આરંભ. આપણું જીવન જ એક સંઘર્ષમય યાત્રા છે. સદ્ભાગ્યે ભાઈશ્રી જેવા સંત એ યાત્રામાં સહ પ્રવાસી ભોમિયા છે. માર્ગદર્શક સાચા હોય તો દિશા સાચી પ્રાપ્ત થાય છે. પછી ભલે માર્ગ મધ્યે ખાડા-ટેકરા કે કંટકો આવે છતાંયે સુખેથી નિર્વિઘ્ને ઉદ્દિષ્ટ સ્થાને પહોંચી શકાય એમ છે.

યાત્રા દરમ્યાન સારા કે નરસા અનુભવો કરતાં તે યાત્રાની પ્રભાવકતા કે પરિણામકારકતાનું વધુ મહત્ત્વ છે. દરેકે યાત્રાની પૂર્ણાહુતિએ હું કેટલો ઘડાયો, બદલાયો એ વિચારવું અગત્યનું છે. વિમાનમાં બેઠા હોઈએ ત્યારે "ગતિ, ઝડપ" જેવા શબ્દો પર મન કેન્દ્રિત થાય છે. નિર્ધારિત લક્ષે સંવેગે પહોંચી જઈએ એવા મનોરથો અંતરમાં સેવાતા હોય છે. પણ જ્યારે ભાઈશ્રી વિમાનની અંદર બાજુમાં જ બેઠા હોય ત્યારે એમની સાથેનો પ્રવાસ એ જ અંતિમ નિર્દિષ્ટ સ્થળ અથવા તો લક્ષ્ય બની જાય છે. સાનફ્રાન્સિસકો એરપોર્ટ પર તા. ૨૭ મે, ૨૦૧૦ના રોજ ભાઈશ્રી, મિનળબેન, વિક્રમભાઈ તેમજ લંડનથી આવેલ જયસુખભાઈને આવકારવા ડૉ. મહેશભાઈ, ડૉ. રજનીભાઈ શાહ પરિવાર હાજર હતા. ત્યાંના થોડાક સ્થાનિક પરિચિત વ્યક્તિઓ પણ સ્વાગત કરવા ઉપસ્થિત હતા.

વિમાન મથકેથી અમો બધાં સીધાં જ શ્રી રમણભાઈ પટેલના ઘરે ગયાં. વર્ષોથી પ.કૃ.દેવના ભક્તિ રંગે રંગાયેલા શ્રી રમણભાઈ તથા તેમના પુત્ર શ્રી પ્રમોદભાઈએ અમારી રહેવાની તથા ભોજનની બધી જ વ્યવસ્થા કરી આપી હતી. તેઓએ ખૂબ કાળજીપૂર્વક અમારું ધ્યાન રાખ્યું હતું.

૪૬ Square માઈલમાં પથરાયેલું સાનફ્રાન્સિસકો શહેર અમેરિકાનું એક ઉત્તમ આનંદ પર્યટનનું સ્થળ ગણાય છે. ભૂતકાળમાં ધરતીકંપ તેમજ અગ્નિની જ્વાળાઓથી ધ્વંસ થયેલા આ શહેરને ત્યાંની પ્રજાએ ધૈર્ય, હિંમત અને ઉત્સાહ વડે તેનું નવનિર્માણ કર્યું. આપણા આધ્યાત્મિક જીવનનો વિચાર કરીએ તો ઘણીવાર એવું બને છે કે પૂર્વ કર્મનો જબરજસ્ત આંચકો આવે અને આપણે અંદરથી ખળભળી જઈએ. આપણા ચારિત્ર્યની ઈમારત ખડી પડે ત્યારે ભાઈશ્રી જેવાનું સાધુત્વ અને સંતપણું આપણામાં નવું બળ સંચારિત કરી આપણી સંકલ્પ શક્તિને જાગૃત કરે છે. તેમનો નિષ્કામ પ્રેમ, તેમનું ધૈર્ય, તેમની દોરવણી ફરી એ જ દશામાં આપણા આત્માને પ્રતિષ્ઠિત કરે છે.

ભાઈશ્રીની સાથે મુમુક્ષુઓએ આ શહેરનાં દર્શનીય સ્થળોને જોઈ આત્માની સર્જનાત્મક શક્તિનો પરિચય પ્રાપ્ત કર્યો. શક્તિના નિયંત્રણ અને વિનિયોગમાં વિજ્ઞાનનો ઉપયોગ કરી યંત્રો દ્વારા માનવીએ જે નવનિર્માણ કર્યું છે તે જોઈ દેવોને પણ કદાચ આશ્ચર્ય થતું હશે. ગોલ્ડન ગેઈટ બ્રિજ એ સાનફ્રાન્સિસકોની આંતરરાષ્ટ્રીય પ્રતિકાત્મક ઓળખ છે. હવામાં અધ્ધર લટકતા ૨૩૦ મીટરની ઊંચાઈ ધરાવતા આ પડછંદ સેતુ કેટલાંયે વાહનોનો ભાર વહન કરી અનેક માર્ગાનુસારીઓને પેલે પાર પહોંચાડે છે. ભાઈશ્રી આવા જીવંત સેતુ છે. ભવસાગર પાર કરાવી

આપે એવા લોખંડી મહાપુરુષ છે.

લોમ્બાર્ટ અથવા ક્રુકેડ સ્ટ્રીટ તરીકે ત્યાનું આ બીજુ સ્થળ જગ પ્રખ્યાત છે. ડુંગરના ઢાળ પર વાંકાચૂંકા રસ્તાની બન્ને બાજુ લોકોના ઘરોની મધ્યે સાવચેતીપૂર્વક મોટી ગાડીઓ ચલાવવી એ તે સ્થળનું આકર્ષણ છે. આવા વિકટ માર્ગે આત્માના ઉપયોગને સતત કેળવી રાખવો પડે છે, નહીં તો અકસ્માત કે દુર્ઘટનાનો પૂરો સંભવ છે. આપણું જીવન આવું જ અટપટું છે, પણ જો એનો દોર ભાઈશ્રીને સોંપી દઈએ તો અનઅપેક્ષિત અનેક મુશ્કેલીઓથી આપણે બચી જઈએ છીએ. Fisherman's Wharf, Bay Bridge, Coit Towers જેવા અનેક જોવાલાયક સ્થળોએ ભાઈશ્રી સાથે જવાનું થયું. દરેક જગ્યાની પોતાની જુદી યોગ્યતા, ઈષ્ટતા છે. તેવી જ રીતે દરેક મુમુક્ષુમાં પણ આવી જ રીતે પૃથક્ પૃથક્ કાર્યક્ષમતા તેમજ સ્વાભાવિક ગુણ ગરિમા રહેલી છે. ભાઈશ્રી તુલનાત્મક રીતે મુમુક્ષુમાં રહેલી એ તમામ શક્તિઓને સકારાત્મક રીતે આધ્યાત્મિકતા પ્રદાન કરી અનેક કાર્યોમાં જોડે છે.

સાનફ્રાન્સિસકોમાં જૈન સમાજે સુંદર શિખરબંધ જિનાલય બાંધ્યું છે. સાથો સાથ પુસ્તકાલય, બાળકો તેમજ મોટાઓ માટે પાઠશાળા, આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી શકાય એવા સાર્વજનિક હૉલ, ભોજનાલય આવી ઘણી વ્યવસ્થાઓની જોગવાઈ કરી આપી છે. ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ આખા વર્ષ દરમ્યાન સતત ચાલુ રહે અને ધર્મસંસ્કાર વારસો પેઢી દર પેઢી જીવંત રહે એ તેનો મુખ્ય આશય છે.

તા. ૨૭ મેથી ૧ જૂન, ૨૦૧૦ સુધી આ જિનાલયમાં ભાઈશ્રીએ પ્રશસ્ત અને પ્રભાવશાળી સ્વાધ્યાયો આપી પ.કૃ.દેવના પત્રાંક : ૪૭, ૫૨૨ તેમજ ૨૨૩માંથી મોક્ષનો માર્ગ સ્પષ્ટ કરી આપ્યો. ત્યાં રહેલ જૈન સમાજને ખૂબ લાભ થયો. ત્યાંના જિનાલય માટે પૂજાની સાધન સામગ્રી ભાઈશ્રી ભારતથી પોતાની સાથે લાવ્યા હતા તે ભેટ તરીકે આપી.

પાંચ દિવસના રોકાણ દરમ્યાન ત્યાંના સ્થાનિક મુમુક્ષુઓ તેમજ પરિચિતો સાથે ખૂબ નજીકનો પારમાર્થિક નાતો બંધાઈ ગયો હતો. તેમાંના એક હતા વિક્રમભાઈના માસીના દીકરા ચંદુભાઈ દેસાઈ. એક વિરલ, અનોખું યાદ રહે એવું વ્યક્તિત્વ. સ્વાધ્યાય અર્થે બે વાર તેઓના ઘરે જવાનું થયું હતું. ફેફસાંની જીવલેણ બીમારીથી પીડાતા ચંદુભાઈ સદોદિત આનંદી રહેતા. પ્રતિકૂળ સંજોગો, શારીરિક નાદુરસ્તી છતાં તેમના ચૈતન્યની તેજસ્વિતા યથાવત્ બરકરાર હતી. પોતે બી.ફાર્મ.ની ડિગ્રી ધરાવે છે, સાથે ચંદુભાઈ એક સારા ચિત્રકાર અને કવિ પણ ખરાં. એમના ઘરની દીવાલ ઉપર રંગબેરંગી તૈલચિત્રોમાં પોતાની પવિત્ર ધર્મભાવનાઓ તેમજ વર્ષોના આધ્યાત્મિક ચિંતનને સુંદર રીતે રેખાંકિત કરી છે. ભાઈશ્રીને મળી પોતે એટલી બધી ધન્યતા અનુભવી કે તેઓએ શીઘ્રપણે કવિતાઓ રચી ભાઈશ્રી સાથેના પુણ્યાત્મક સંયોગનો હર્ષ વ્યક્ત કર્યો. ચંદુભાઈને અંત સમયે ઉપકારી થાય એવી અનિત્ય ભાવના લઈ ભાઈશ્રીએ ભેદજ્ઞાનવર્ધક સ્વાધ્યાય કરાવ્યો હતો. એકાગ્ર ચિત્તે સાંભળનારા ચંદુભાઈને આ સ્વાધ્યાયોમાંથી ઉચ્ચતમ સમભાવ કેળવવા શક્તિ મળી હતી.

સાનફ્રાન્સિસકો શહેર પેસિફિક મહાસાગરના દરિયાકાંઠે સ્થિત છે. દરિયાકાંઠાનો એક ભાગ સોસેલીટો તરીકે ઓળખાય છે. પ્રકૃતિ અને પર્યાવરણની સુંદરતા, ભાઈશ્રી સાથેની વિતતી નિરાંતની પવિત્ર ક્ષણો ખૂબ શાંતિદાયક હતી. પાણીના હિલોળા વડે સાગર પોતાનો આનંદ વ્યક્ત કરી અમને આવકારતો હતો. ભાઈશ્રી સાથે હોઈએ ત્યારે આપણું મન અને દૃષ્ટિ બન્ને સ્થિર બની જાય છે. અસીમ અને અગાધ સમુદ્ર, વિશાળ અને વિરાટ આભ બન્નેને જોડતી ક્ષિતિજ કોઈ જુદી જ ભાવદુનિયામાં લઈ જાય છે. આકાશ અને સમુદ્રની વિશાળતા આત્માની જ્ઞાન વ્યાપકતાનો અનુભવ કરાવે છે. દરિયાદિલ ભાઈશ્રીની ઉદારતા, ક્ષમાશીલતા આભ જેવી જ વિસ્તૃત છે. અહીં સાગર કિનારે બગીચાની સુંદર ઘાસવાળી હરિયાળી જમીન સરસા પર વૃક્ષોની છાયા તળે બધાંએ ભોજન લીધું. વિક્રમભાઈનાં માસીની દીકરી સુવર્ણાબહેન, તેમનો તરવરિયો પુત્ર જીગર અને જીગરની સૌમ્ય પત્ની હેમાલી અમારા માટે ઘરેથી જ બધું બનાવીને લાવ્યા હતાં જેથી અમો બધાં જ વનભોજનની ઉજાણીનો આનંદ માણી શક્યાં. ભાઈશ્રીની સંગાથે આવી રીતે ભોજન લેવાની કોઈ જુદી જ મજા છે.

રાજકોટથી આવી સાનફ્રાન્સિસકોમાં સ્થાયી થયેલા ડૉ. વિશાલ અને તેમનાં પત્ની રિદ્ધિને મળવાનું થયું. વિશાલભાઈએ કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં પીએચ.ડી કર્યું છે. પરદેશમાં રહેવા છતાં આ યુવાન દંપતિ જૈનધર્મ સિદ્ધાંતોનું પૂર્ણ પાલન કરી નિત્યમેવ દહેરાસરજીમાં પૂજા કરે છે. ભાઈશ્રી પ્રત્યે પ્રેમાદર ધરાવતા આ યુગલને સતત અમારી સુખ સગવડની ફીકર રહેતી. તેમનું સાત્ત્વિક ધર્માચરણ જોઈ ભાઈશ્રીને ખૂબ પ્રમોદભાવ થયો તેથી તેમના ઘરે સુમતિનાથ ભગવાનની સ્થાપના કરવાનો ભાવ જાગ્યો. ભક્તિના ઉલ્લાસ અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અવિચલ શ્રદ્ધા સાથે તે સ્થાપના વિધિ સ્વાર્પણભાવથી પૂર્ણ થઈ.

વિશ્વની એક વિખ્યાત વિદ્યાપીઠ Berkeley University સાનફ્રાન્સિસકોમાં આવેલી છે. તેના એક માનદ્ નિવૃત્ત બુદ્ધિઝમ પરના પ્રખર વ્યાખ્યાતા પ્રોફેસર ડૉ. પદ્મનાભ જૈનીનું નામ દુનિયાભરના સાક્ષર સમાજમાં સારી પેઠે જાણીતું છે. જયસુખભાઈ એમની સાથે અંગત સંબંધ ધરાવતા હોવાથી જયસુખભાઈના આમંત્રણને સ્વીકારી તેઓ ભાઈશ્રીના સ્વાધ્યાય અને દર્શનનો લાભ લેવા જિનાલયમાં પધાર્યા હતા. આવા તત્ત્વજ્ઞ પુરુષ ખરા અંતઃકરણપૂર્વક ભાઈશ્રીનો આદર કરે ત્યારે ભાઈશ્રી પ્રત્યેની આપણી ભક્તિ અનેકગણી વધી જતી હોય છે. ભાઈશ્રીએ એવો જ પ્રતિ આદરભાવ દાખવી પરસ્પરની સ્મૃતિ રહે તે માટે તીર્થંકર ભગવાનની કાચની પ્રતિમા સન્માન સહ ડૉ. જૈનીને ભેટ આપી. ડૉ. જૈની સાહેબે અતિ વિનિત ભાવે ભગવાનની ભેટનો સ્વીકાર કર્યો. પ્રેમની લાગણીઓથી એમનું હૃદય એટલું ભરાઈ આવ્યું કે, આંખમાંથી અશ્રુ સર્યાં ને થોડીક ક્ષણો માટે કાંઈ જ બોલી ન શક્યા. મહાન જ્ઞાની અને મહાન ચિંતક આ બે આત્માઓ વચ્ચે આદાનપ્રદાન થતાં પ્રેમ પૂજ્યતાના પુનિતભાવમાં અમે સહુ સાક્ષી આત્માઓ પવિત્ર બન્યા. વિદ્વત્તા અને બુદ્ધિમત્તા જ્યારે વિનમ્રતાને ધારણ કરી જ્ઞાનીનાં ચરણોમાં નત મસ્તક થાય છે ત્યારે મુક્તિ અવશ્ય નજીકમાં રહેલી છે.

સાધારણ બુદ્ધિ ન કળી શકે એવી એક ગૂઢ અને રહસ્યમય જગ્યાએ મારે જવાનું થયું. તે જગ્યા Mystery Spot તરીકે ઓળખાય છે. ત્યાં ભૂમિ એવી છે કે, દશ ફૂટના અંતરે ગુરુત્વાકર્ષણ જુદું અનુભવાય છે. તેથી માનવી ઊભો હોય-ચાલતો હોય તો પોતાનું સંતુલન જાળવી શકતો નથી. જમીનની વિષમતા માનવીને ડગાવી દે અને પાણી જેવા પદાર્થો પોતાના સ્વભાવની વિરુદ્ધ જઈ નીચેથી ઉપર વહેવા લાગે. બસ આ જ રીતે કર્મસત્તા ઉદય ભાવને અનુસરી ચિત્રવિચિત્ર સંજોગો ઊભા કરે જ રાખે છે. તેનાં ગૂઢ રહસ્યોના તાગને અજ્ઞાની મનુષ્ય પામી શકતો નથી. તેથી જ દ્વંદ્વોની વચ્ચે વિચારો ઝોલાં ખાય છે. ભાઈશ્રી જેવા વીતરાગના વિજ્ઞાનને પામેલા જ્ઞાની પુરુષનો સધ્ધર આધાર આપણો ટેકો બની રહે છે-સંસારી વિષમ પરિસ્થિતિઓમાં પડતા ધરી રાખે છે.

સાનફ્રાન્સિસકોમાં પાંચ દિવસ દરમ્યાન ભાઈશ્રીની સંગાથે જાણવાની, સમજવાની અને ગ્રહવાની શક્તિ વધુ સૂક્ષ્મ બનતાં વિચારો મૌલિક બન્યા, હૃદય પવિત્ર થયું ને આત્મા સપ્રમાણ ઉજ્જવળ બન્યો. પ.કૃ.દેવનું એ વચન "સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો." એનો સાક્ષાત્ અનુભવ થયો.

❖ ❖ ❖

**મંદિરમાં જઈને દર્શન કેવી રીતે કરવા ?**

વીતરાગ જિનેન્દ્ર પ્રતિમાને જોઈને નમસ્કાર કરનાર, નમસ્કાર કરવા આવનાર જીવ પોતાના સ્વસંવેદનસ્વરૂપ વીતરાગ સ્વરૂપને સંભાળે છે, સંભારે છે. વીતરાગદેવની પ્રતિમા ઉપરથી લક્ષ ઉઠાવીને પોતાના સ્વરૂપ ઉપર લક્ષ લઈ જાય છે અને જેવું વીતરાગદેવનું સ્વરૂપ છે એવું જ અંદરમાં મારું શુદ્ધાત્મ સ્વરૂપ છે એમ લક્ષમાં લ્યે છે. એવી રીતે પોતાના સ્વસંવેદનભાવનો આવિર્ભાવ કરવા માટે જેમાં સ્વસંવેદન પ્રસિદ્ધ છે એવા વીતરાગને એ નજરથી જોવે છે. એમના સ્વસંવેદનને જોવે છે, એમની વીતરાગતાને જોવે છે અને એમની અંતર્મુખતાને લક્ષમાં લ્યે છે કે, તેઓ નિરવશેષ અંતર્મુખ થયાં છે. સંપૂર્ણ અંતર્મુખ રહ્યાં છે. મારું પણ અંતર્મુખ થવાનું વલણ છે. એમના દર્શનથી હું મારા એ વલણ પ્રત્યે જવા માગુ છું. એવા વલણને હું અંગીકાર કરવા માગુ છું. આખું વલણ બદલવા માટે, એક Attitude બદલી નાખવો. એ વીતરાગદર્શનનો, જિનેન્દ્રદર્શનનો એની પાછળ અભિપ્રાય છે.

(અધ્યાત્મસુધા ભાગ-૨માંથી)

**ચાલો એક પ્રયોગ કરીએ...**

**મુમુક્ષુ એ જ કે જેને મોક્ષે જવાની ઈચ્છા હોય. તો આજથી નક્કી કરીએ કે રોજ ઓછામાં ઓછું પાંચ વાર લખવું કે - 'મારે તો મોક્ષે જાવું જ છે.' આમ લખતાં લખતાં ખ્યાલમાં આવશે કે હું જે રીતે જીવન પસાર કરી રહ્યો છું, તેનાથી મોક્ષે તો પહોંચાશે ને !**

# કેરલા આધ્યાત્મિક ટુર

પ્રકૃતિ એટલે પરમાત્માની જીવંત અનુભૂતિ. પ્રકૃતિના વિવિધ પર્યાયો જાણે પરમાત્માનાં જ વિધ વિધ સ્વરૂપો હોય એવું લાગે. પ્રકૃતિનું નિર્દોષ, સહજ અને સૌમ્ય સ્વરૂપ પરમાત્માના જ સહજ સ્વભાવનો આવિર્ભાવ કરાવે છે અને જાણે કુદરત પોતાના નિર્મળ સ્વરૂપમાં ઈશ્વરનાં દર્શન કરવા સૌને આવકારી રહી હોય એવો ભાસ થાય છે. એટલે જ વર્ષોથી ભારતના ઋષિ-મુનિઓએ કુદરતના ખોળે જ તપશ્ચર્યા કરી બાહ્ય અને આંતરજગતનો સમન્વય કરવા સાધના કરી છે.

તા. ૧૭-૯-૧૦ થી ૨૫-૯-૧૦ દરમ્યાન કેરલાની ટુરમાં અંદાજે પચાસેક મુમુક્ષુઓએ પૂ.ભાઈશ્રીની નિશ્રામાં આવો જ આત્મપુરુષાર્થ કરવાનો પ્રયત્ન કર્યો.

"ધરતી પરનું સ્વર્ગ" ગણાતા અને "પરમાત્માની પોતાની ભૂમિ" કહેવાતા કેરલાના કોચિન વિમાન મથકે ઊતરાણ કર્યું ત્યારે સૌના હૃદયમાં પૂ.ભાઈશ્રીના સહવાસમાં રહી શકવાનો આનંદ અને ઉત્સાહ હતાં. કોચિનથી "કોકોનટ લગુન" (કુમારકોમ બેકવોટર્સ) જવાનો રસ્તો પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર હતો. ચારે બાજુ પાણીથી ઘેરાયેલા "કોકોનટ લગુન"નું વાતાવરણ સાચે જ બહારની દુનિયાથી અલિપ્ત કરનારું હતું. સાંજના થયેલ સ્વાધ્યાયમાં પૂ.ભાઈશ્રીએ આ ટુરને "આધ્યાત્મિક ટુર" તરીકે ઓળખાવતાં સમગ્ર ટુર દરમ્યાન સ્વજાગૃતિ રાખી બાહ્યમાં પથરાયેલ પ્રાકૃતિક સૌંદર્ય માણવાનો આનંદ પોતાની આત્મસાધનામાં વેગ આપનાર બને તેવું સૂચન કર્યું હતું. પૂ.ભાઈશ્રીએ સ્વાધ્યાયમાં "ઝિંદાદિલી", "તેજ અને તરવરાટ" જેવા પાયાના ગુણો ઉપર સૂક્ષ્મતાથી વિવેચન કર્યું હતું અને એ ગુણોનો વિકાસ આત્મ-ઉન્નતિ કરવા અનિવાર્ય છે એવો બોધ આપ્યો હતો. પોતાનો આત્મ-આનંદ અને આત્મવિશ્વાસ વધારવા પોતાની આત્મશક્તિ પર ભરોસો રાખવો, નકારાત્મક વાતો અને વિચારોને ત્યાગી, જીવનના ધ્યેયને સતત નજર સમક્ષ રાખવું તેમજ જીવન જીવવાના દૃષ્ટિકોણને વિશાળ બનાવી સમગ્ર સમાજના હિત અને કલ્યાણને ધ્યાનમાં રાખવું; સામે આવતી આફતો અને મુસીબતોથી દૂર ભાગવા કરતાં પોતાના પર અતૂટ વિશ્વાસ રાખી તેની સામે અડગ ઊભા રહી, સામનો કરી પોતાનો આત્મવિશ્વાસ વધારવા પર સૌનું ધ્યાન દોર્યું હતું. સૂર્યાસ્તના સમયે પ્રકૃતિના રંગમંચ પર બદલાતાં અદ્‌ભુત નયનરમ્ય દૃશ્યોને નિહાળવા પૂ.ભાઈશ્રી સાથે "કમારકોમ-બેકવોટર્સ"માં સૌએ નૌકાવિહાર કર્યો. વાદળોની પાછળ છુપાઈ જઈ ક્યારેક ફરી દર્શન આપતા સૂર્યદેવતા કર્મોથી આવરિત પરમાત્માની પ્રતિકૃતિ કરી રહ્યા હતા. બેકવોટર્સની અસીમ વિશાળતા અને તેનાં ઊંડાણમાંથી સપાટી પર ઊભરી આવતી શાંત સૌમ્યતા પૂ.ભાઈશ્રીના આત્મપ્રદેશોમાં વસેલી ગહન આધ્યાત્મિકતાનાં દર્શન કરાવતી હતી.

"કોકોનટ લગુન"માં "આધ્યાત્મિક ટુર"નો શુભારંભ થયા બાદ ગરમ મસાલાઓ માટે પ્રખ્યાત- ઠેક્કડી-હિલ સ્ટેશન જવા રવાના થયા. વહેલી સવારે સુંદર વાતાવરણમાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર "પેરિયાર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી"માં કૃત્રિમ રીતે બનાવેલ "પેરિયાર લેક"માં નૌકાવિહાર કરવાનો અવસર મળ્યો. નૌકાવિહારના કારણે પાણીમાં ઉત્પન્ન થતા તરંગો એ આપણી ચપળ મનઃસ્થિતિ અને તરંગો શમી ગયા બાદનું શાંત, સ્થિર પાણી પૂ.ભાઈશ્રીની અતૂટ એકાગ્રતાનો

અહેસાસ કરાવતાં હતાં. અચળ, સ્થિર અને શાંત પાણીમાં દેખાતા કિનારાનાં ડુંગરાઓ અને ઝાડોનાં પ્રતિબિંબ એ પરમાત્માની નિર્દોષતા, નિર્લેપતા અને નિર્મળતાનાં દર્શન કરાવતાં હતાં. પૂ.ભાઈશ્રીની દિવ્ય ચેતનાની પ્રેરણાથી જાણે આસપાસની સમગ્ર જીવસૃષ્ટિ અને પ્રકૃતિ પણ ચેતનવંત બની ગઈ હતી.

કુદરતના ખોળે ચાલી રહેલી "આધ્યાત્મિક ટુર"નાં ઉત્સાહ અને ઉમંગ મુન્નારના અપ્રતીમ સૌંદર્યમાં વધુ પ્રબળ બન્યા. ચારે બાજુ ચાના બગીચાઓનું વાવેતર એવું હતું કે નજર પહોંચે ત્યાં સુધી જમીન પર લીલા રંગની 'કારપેટ' પાથરી હોય તેવું લાગતું. મુન્નાર અને તેની આસપાસના આખા વિસ્તારમાં પ્રકૃતિ જાણે એની બધી જ કળાઓમાં ઉત્તમ રીતે ખીલેલી જોવા મળી. દરિયાથી ૯૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ ચાના બગીચાઓ જોતી વખતે અને પૂ.ભાઈશ્રીની નિશ્રામાં વાદળો અને ધુમ્મસની વચ્ચે દિવ્ય વાતાવરણમાં ગરબા રમતી વખતે સાચે જ સ્વર્ગમાં હોઈએ તેવો ભાસ થતો હતો. ઊંચા ઊંચા ડુંગરાઓ પર પથરાયેલી લીલી ચાદરો, રસ્તામાં આવતાં નાનાં ઝરણાંઓ તથા વિશાળ ધોધ, રંગબેરંગી ફૂલોના બગીચા અને નિર્મળ શાંત પાણીના કુંડ પરમાત્મ-તત્ત્વની રમણીયતાને પોકારી પોકારીને ગાઈ રહ્યા હતાં. જાણે કે બિનજરૂરી આધિ-વ્યાધિથી ભરેલાં આપણાં વ્યસ્ત અને તંગ જીવન પર હસી રહ્યાં હતાં. પરમાત્માનું મૂળ સ્વરૂપ એવી પ્રકૃતિ, તેમાં પથરાયેલી નીરવ શાંતિ અર્થવિહીન વ્યસ્ત જીવન જીવી રહેલ આપણને ચોક્કસ કંઈક મોટી ભૂલ કરી રહ્યાનો સ્પષ્ટ અહેસાસ કરાવી રહી હતી. જીવન જીવવાનો કંઈક નવો દૃષ્ટિકોણ શીખવી રહી હતી. પૂ.ભાઈશ્રીએ 'એકલક્ષની ઉપલબ્ધિ' પર સ્વાધ્યાય કરાવતાં કહ્યું હતું કે "જો જીવન જીવવાનું લક્ષ્ય સ્પષ્ટ હોય અને તે મેળવવા એકાગ્રતાપૂર્વકનો મક્કમ પુરુષાર્થ કરવામાં આવે તો દુનિયાની કોઈ તાકાત આપણને આપણા લક્ષ્યથી વંચિત નહીં રાખી શકે."

મુન્નારમાં બે રાતના વિરામ બાદ કોચિનમાં 'ધર્મનાથ સ્વામી'ના દેરાસરમાં ચૈત્યવંદન, ભક્તિ, દર્શન કરી બીજે દિવસે યાત્રાના છેલ્લા મુકામ 'મરારી બીચ રિસોર્ટ' જવા રવાના થયા હતા. દરિયાકિનારે આવેલ બીચ પર પૂ.ભાઈશ્રી સાથે ભક્તિ ગીતો ગાતાં ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. પૂ.ભાઈશ્રીએ અહીં કરાવેલ સ્વાધ્યાયમાં પરમાત્મા પ્રત્યેના સમર્પણભાવનું મહત્ત્વ સમજાવ્યું હતું. પ્રકૃતિ અને પરમાત્માનો સમન્વય કરી આપણી ચારે તરફ ફેલાયેલી જીવસૃષ્ટિ અને કુદરતમાં જ પરમાત્મદૃષ્ટિ રાખી આંતરિક વિકાસ સાધવાનો માર્ગ દર્શાવ્યો હતો. "આધ્યાત્મિક ટુર"ના છેલ્લા ચરણમાં ભારતના "નાયગરા ફોલ્સ" તરીકે ઓળખાતા 'અરિયાપલ્લી' વોટર ફોલ્સની મુલાકાત લઈ કોચિન એરપોર્ટથી મુંબઈ પાછા ફર્યા હતા. પ્રકૃતિ એટલે કે પરમાત્માને અત્યંત નિકટથી માણવાનો સુઅવસર અને એ પણ પૂ.ભાઈશ્રીની સંગાથે ખરેખર અવિસ્મરણીય અને અવર્ણનીય હતો. ટુરમાં જોડાયેલ દરેક આત્માને માટે પૂ.ભાઈશ્રીની નિશ્રા જીવન જીવવાનો દૃષ્ટિકોણ બદલાવનાર અને ધ્યેય આપનાર બની રહી. પૂ.ભાઈશ્રીએ આપેલા બોધને અમલમાં મૂકી શકીએ અને તેઓશ્રીએ દર્શાવેલ માર્ગ પર ચાલી શકીએ એ ભાવના ભાવતા સૌ મુંબઈ એરપોર્ટથી છૂટા પડ્યા. સમગ્ર ટુર દરમ્યાન ભાઈશ્રી સાથે બ્ર.મિનળબેન, બ્ર.વિક્રમભાઈ, બ્ર.વિનુભાઈ તથા બ્ર.ભૂપતભાઈએ હાજરી આપી હતી.

## એકાંત મૌન આરાધના તથા આરાધના શિબિર

**"જ્ઞાની પુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે."**

પ.પૂ.ભાઈશ્રીની નિશ્રામાં દર મહિને આરાધના શિબિર અને એકાંત મૌન આરાધના શિબિર યોજવામાં આવે છે. આ શિબિરોથી સાધકના જીવનમાં આમૂલ પરિવર્તન સર્જાતું હોય છે. અને સાથે સાથે સાધનામાં પણ ખૂબ જ પ્રગતિકારક પરિણામ જોવા મળે છે.

### જુલાઈ માસની આરાધના શિબિર

જુલાઈ માસમાં તા. ૨૮-૭-૨૦૧૦ થી ૧-૮-૨૦૧૦ સુધી એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર યોજવામાં આવેલ. એકાંત મૌન આરાધના શિબિરમાં ઉચ્ચ શ્રેણીના-૨૦ પૂર્ણપ્રાપ્તિના-૨૮, અર્ધપ્રાપ્તિના ૧૫ એમ કુલ ૬૩ સાધકોએ ભાગ લીધો.

આરાધના શિબિરમાં ૪૭ સાધકોએ ભાગ લીધો જેમાં ચિંતનના ૨, ઉચ્ચ શ્રેણીના ૮, પૂર્ણપ્રાપ્તિના ૧૪, અર્ધપ્રાપ્તિના ૨૩ જેમાં રાજમાર્ગ યોગારોહણમાં જોડાયેલા ૯ સાધકો હતા.

એકાંત મૌન આરાધના શિબિરના પ્રશિક્ષણમાં પ.પૂ.ભાઈશ્રીનો વિષય "સામ્યશતક" શ્રી વિજયસિંહ સૂરી કૃત "આત્મ સંવેદનના સાધનો" પુસ્તકમાંથી લીધેલ. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય ખૂબ જ અઘરો હોવા છતાં સરળ અને સુંદર શૈલીથી ઊંડાણપૂર્વક સમજાવેલ. આની અસર સાધકો ઉપર ખૂબ જ ઊંડી થઈ.

આરાધના શિબિરમાં પ.પૂ. ભાઈશ્રીનો વિષય 'પરિગ્રહાષ્ટક' શ્રી યશોવિજયજી વિરચિત "જ્ઞાનસાર પુસ્તક"માંથી લીધેલ. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય ખૂબ જ સરળ રીતે અને સર્વ સાધકોનાં હ્રદયમાં પેસી જાય તેવી રીતે દૃષ્ટાંત કથાઓ સાથે સમજાવેલ.

બ્ર.રસિકભાઈનો વિષય "શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાર્ગ પ્રકાશ તથા શ્રીમદ્ રાજચંદ્રના પરમ સખા "શ્રી સૌભાગભાઈ અને સાયલા" પુસ્તકમાંથી "પત્રો" સમજાવેલ.

ઉપરોક્ત બન્ને શિબિરમાં લંડન, નાઈરોબી, દુબઈ, મુંબઈ, કલકત્તા, અમદાવાદ, ઈંદોર, કોટા, રાજકોટ, વડોદરા, જામનગર, બોટાદ, પેટલાવદ, સાયલા, મોટાદહીંસરા એમ જુદા જુદા ક્ષેત્રેથી આવેલા સાધકોએ ભાગ લીધો.

### ઑગસ્ટ માસની આરાધના શિબિર

ઑગસ્ટ માસમાં તા. ૨૧-૮-૨૦૧૦ થી ૨૫-૮-૨૦૧૦ સુધી એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર યોજવામાં આવેલ. એકાંત મૌન આરાધના શિબિરમાં ઉચ્ચ શ્રેણીના-૧૧, પૂર્ણપ્રાપ્તિના ૨૦, અર્ધપ્રાપ્તિના ૯ એમ કુલ ૪૦ સાધકોએ ભાગ લીધો.

આરાધના શિબિરમાં ૧૫ સાધકોએ ભાગ લીધો, જેમાં ચિંતનના-૧, ઉચ્ચ શ્રેણીના-૨, પૂર્ણપ્રાપ્તિના-૩, અર્ધપ્રાપ્તિના ૯, જેમાં રાજમાર્ગ યોગારોહણમાં જોડાયેલા ૪ સાધકો હતા.

એકાંત મૌન આરાધના શિબિરના પ્રશિક્ષણમાં પ.પૂ.ભાઈશ્રીનો વિષય પૂ.સૂરિપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત સ્વોપજ્ઞટીકા સંયુક્ત "શ્રી યોગશતક" (અનુવાદક : ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા) પુસ્તકમાંથી લીધેલ. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય ખૂબ જ અઘરો હોવા છતાં સરળ અને સુંદર શૈલીથી ઊંડાણપૂર્વક સમજાવેલ.

આરાધના શિબિરમાં પ.પૂ.ભાઈશ્રીનો વિષય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત "યોગશાસ્ત્ર ભાષાંતર" દ્વિતીય પ્રકાશ "સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું સ્વરૂપ તથા પાંચ અણુવ્રત" પુસ્તકમાંથી લીધેલ. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય ખૂબ જ સરળ રીતે અને સર્વ સાધકોનાં હૃદયમાં પેસી જાય તેવી રીતે દૃષ્ટાંત કથાઓ સાથે સમજાવેલ.

બ્ર.રસિકભાઈનો વિષય "શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાર્ગ પ્રકાશ તથા શ્રીમદ્ રાજચંદ્રના પરમ સખા "શ્રી સૌભાગભાઈ અને સાયલા" પુસ્તકમાંથી "પત્રો" સમજાવેલ.

ઉપરોક્ત બન્ને શિબિરમાં લંડન, મુંબઈ, કલકત્તા, અમદાવાદ, ઈંદોર, રાજકોટ, બોટાદ, પેટલાવદ, મોટાદહીંસરા, સુરેન્દ્રનગર, જોરાવરનગર અને ભુજ એમ જુદા જુદા ક્ષેત્રથી આવેલા સાધકોએ ભાગ લીધો.

## એકાંતમૌન આરાધના શિબિર-જુલાઈ, ૨૦૧૦ના સાધકોની ફળશ્રુતિ

- ધ્યાનમાં ચિંતન જાગૃતિ સાથે ઘાટું થતું જાય છે તેમ તેમ આત્માની પરમશાંતિનો અનુભવ થતો જણાય છે. ગઈકાલે ચિંતન કરતાં થોડીવાર માટે ચિંતન બંધ થયું ત્યારે ઉપયોગ સાવ જુદો છે તેમ અનુભવ થયો. આત્મા અને ઉપયોગ એકરૂપ જણાવાથી આનંદ થયો. હજી તે આનંદ વેદાય છે. ચિંતન સાથે સુવિચારણા થાય છે ત્યારે નિશ્ચય બળવાન થતો જાય છે. ત્યારે ખૂબ જ આનંદ થાય છે. **— ઉચ્ચ શ્રેણી**
- ગ્રંથિભેદ કરવા માટે જે સામર્થ્ય જોઈએ, તે સામ્યભાવથી જ આવી શકે. સામ્યભાવની અપૂર્વ મહત્તા બતાવતા શ્રી વિજયસિંહસૂરી મહારાજ સાહેબ વિરચિત 'સામ્યશતક' ફરીથી લઈને મોટો ઉપકાર કર્યો છે. **— ઉચ્ચ શ્રેણી**
- ચિંતન કરતાં કરતાં ધ્યાનમાં જવાય છે. તેમાં થોડીવારમાં નિરાકુળતા, શાંતિ અને રાગદ્વેષ વગરની દશા રહે છે. **— ઉચ્ચ શ્રેણી**
- ધ્યાન સાધનામાં પ્રફુલ્લિત ચિત્તે સ્વરૂપની મગ્નતા વેદાતી હોય છે. જ્ઞાયકભાવમાં લીનતા, રમણતા તેમજ શાંતિ અને નિરાકુળ આનંદનો અનુભવ રહે છે. ઉપયોગથી ઉપયોગમાં એકાગ્રતા, લીનતા હોય છે. જ્ઞાનનું જ્ઞેય અને જ્ઞેયમાં જ્ઞાન વેદાતું હોય છે, જણાતું હોય છે. જાગૃતિ વખતે કર્મધારા પસાર થતી હોય તેમાં ભળવાપણું નથી, ઉદાસીનતા હોય છે. **— ઉચ્ચ શ્રેણી**

- આત્માના ગુણોનું નિદિધ્યાસન કરતાં અંતરથી ભેદજ્ઞાનથી બન્ને ધારા સ્પષ્ટ ભાસે છે. ધ્યાન વખતે જ્ઞાનધારામાં મુખ્ય પણે સ્વપર પ્રકાશક એવી ચૈતન્ય સત્તા હું છું તે વેદન રહે છે. આ પ્રકારના વેદનમાં જ્ઞાન, આનંદ સાથે વિતરાગતા વેદાય છે. જે 'હું' છું ની અસ્તિના ભાવમાં જેમ વધારે સ્થિરતા આવતી જાય છે, ત્યારે 'હું' માત્ર પોતાની સત્તામાં એકાકાર તન્મય બની જવાય છે. ત્યારે દેહાદિ કે બીજુ કાંઈ પણ જણાતું નથી. **– ઉચ્ચ શ્રેણી**
- અમુક ધ્યાનમાં ભળવા પણું થોડું ઘણું થઈ ગયું. અમુક ધ્યાનમાં તો એકદમ જ શાંત થઈ ગયું હતું. બધા પ્રદેશો શાંત થઈ ગયા હતા, શરીર જ ન હોય એવું લાગ્યું. અંદરમાં શાંતિનો અનુભવ થયો. **– પૂર્ણપ્રાપ્તિ**
- ઈસ એકાંત મૌન આરાધના શિબિર મેં ભી મુજે નિશ્ચિત લાભ હુઆ હૈ. યહાં પર પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવ પરમ પૂજ્ય ભાઈશ્રી કે દર્શનકા લાભ કરનેકા, ઉનકે આશીષ વ કરુણાકા લાભ મિલતા હૈ. ઘર પરિવારસે બહુત દૂર એકાંત સાધના કા લાભ મિલતા હૈ. ઘર પરિવારકો ભુલ જાતે હૈ. મોહ એકદમ કમ હો જાતા હૈ. **– પૂર્ણપ્રાપ્તિ**
- આ વખતે ભાઈશ્રીનો વિષય સમાધિ શતકનો હતો. જીવનમાં સમત્વનું કેટલું મહાત્મ્ય છે તેનો સ્પષ્ટ, સચોટ ખ્યાલ આપશ્રીએ આપ્યો તે પ્રાપ્ત કરવામાં જીવને નડતર રૂપ એવા કષાયો, રાગદ્વેષ, બહિરાત્મપણું, પુદ્‌ગલાનંદિપણું વગેરેની છણાવટ ભરી સાચી સમજણ અને તેના ઉપાયો ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યા. સમયની મર્યાદા હોવા છતાં આપશ્રીએ ખૂબ જ પરિશ્રમ લઈ અમ પામર જીવો પર ઘણી જ કૃપા કરી. **– પૂર્ણપ્રાપ્તિ**
- પૂજ્ય ગુરુદેવનો સરળ સુગમ બોધ વિષયવાર આટલો મુશ્કેલ હોવા છતાં હૃદયમાં એટલી સૂક્ષ્મતાથી સ્પર્શી ગયો, મારા જેવા મૂઢ પામર જીવ પર આટલી કરુણા કરીને એવો ઉચ્ચ કોટીનો સામ્યભાવનો બોધ વર્ષાવ્યો એના માટે હું એટલું જ વિચારી શકું કે આનો ઉપકાર કરવા માટે આ જ ભવમાં સ્વ-સ્વરૂપ પ્રગટ કરીને એમનાં ચરણોમાં ધરું તો જ ગુરુદક્ષિણા આપી કહેવાશે. **– અર્ધપ્રાપ્તિ**
- ચેતતો નર સદા સુખી. ધર્મ ધર્મ થઈને પરિણમે એ જ સાચો ધર્મ. ડગલે ને પગલે ક્ષણિક સુખ અને દુખ નથી ભોગવવાં, માટે જરૂરથી સદ્‌બુદ્ધિથી સુવિચારણા કરીશ તો ચોક્કસ સાધના યથાર્થ રીતે થશે. ભાઈશ્રી આપની મુખાકૃતિમાં જે સૌમ્યતા ભાવ, કોમળતા, સંતોષ, નમ્રતા, પ્રેમભાવ, નિર્દોષતા, સમતાભાવ—તેને પરમ પ્રેમે પૂજવા યોગ્ય છે. ભક્તિ કરવા યોગ્ય છે. બીજું કંઈ ખાસ ઊંડાણપૂર્વક જ્ઞાન નથી. **– અર્ધપ્રાપ્તિ**

## એકાંતમૌન આરાધના શિબિર-ઑગસ્ટ, ૨૦૧૦ના સાધકોની ફળશ્રુતિ

- ચિંતન સાથે સુવિચારણા થાય છે. તેથી આત્મનિશ્ચય બળવાન થતો જાય છે. ધ્યાન સિવાયના સમયમાં આત્મલક્ષી સુવિચારણા ચાલુ રહે છે. વિચારોનો અવકાશ રહેતો નથી. **– ઉચ્ચ શ્રેણી**

- મારી શિબિર ઘણી જ પ્રગતિમય રહી. ઘણી વખત આનંદની હેલી ચઢે છે. આત્મા જુદો હાથવેંતમાં હોય તેમ જણાય છે. આત્માનો અહેસાસ રહે છે પણ અશાતાના ઉદયમાં લાંબો ચાલે તો ઢીલાશ જણાય છે તે ખામી પણ દેખાય છે. **– ઉચ્ચ શ્રેણી**
- આપના ઉત્તમ અને સરળતાથી સમજાવેલ સ્વાધ્યાયથી આ ગ્રંથ ગૂઢ હોવા છતાં અંતરમાં ઉતરી ગયેલ છે. સ્વઅવલોકન કરીને વિચારવાનું કે હું કયા પગથિયે છું. આગળ જવા માટે સ્વભાવ અને પ્રકૃતિનો ઊંડો અભ્યાસ કરીને ગુરુ આજ્ઞાએ ચાલવાનું છે. હું તે માટે પુરુષાર્થ કરીશ. **– ઉચ્ચ શ્રેણી**
- ત્રણેક પ્રસંગો મારા જીવનમાં એવા બન્યા કે સામાન્ય રીતે તેમાં ઉચાટ કે દ્વેષ કર્યા વિના ન રહી શકાય પણ આ વખતે મારા મનમાં કોઈ વિહ્વળતા આવી નહોતી. મન પણ શાંત હતું. જે થવાનું હશે તે થઈને રહેશે એમ વિચાર આવતા હતા. હું શાંત રહી શક્યો. આ ફેરફાર મારામાં જણાયો તે એકાંત મૌન આરાધના શિબિરનો જ ફાયદો છે. **– પૂર્ણપ્રાપ્તિ**
- ગઈ એકાંત મૌન શિબિરમાં ધ્યાન અંગે જે પ્રગતિ થયેલ તે અંગેનું અનુસંધાન આ શિબિરમાં અનુભવમાં આવેલ. એકાંતમાં રહેવાને કારણે તે ઉપરાંત સુવિચારણાને કારણે આત્મા પ્રાપ્ત કરવાની દઢતા વધી છે. **– પૂર્ણપ્રાપ્તિ**
- અભી તક મુઝે કિસી ન કિસી ધ્યાનમેં વિચારોકા હલ્લા હો જાતા થા. ઈસ શિબિરમેં કિસીભી ધ્યાનમેં વિચારોકા હલ્લા નહીં આયા. ઈસ શિબિરમેં મુઝે જાગૃતિ રખનેકી પ્રવૃત્તિ બની હૈ. **– પૂર્ણપ્રાપ્તિ**
- એકાંત મૌન શિબિરમાં સુવિચારણા અને સ્વઅવલોકન કરવાની સારી તક મળે છે. સ્વઅવલોકનથી સૂક્ષ્મ દોષો જણાઈ આવે છે. સાધનામાં બળ મળે છે. નિયમિતતા આવે છે. સુવિચારણા એકાંત હોવાથી થઈ શકે છે અને એકાગ્રતા વધે છે. **– પૂર્ણપ્રાપ્તિ**
- સાધનામાં ધ્યાન, પ્રશિક્ષણ, ચિંતન, મનના સુવિચારણા સ્વાધ્યાય વિગેરે ક્રમો કરવાના હોવાથી બહારના વાતાવરણથી મુક્ત રહી સાધના થતી હોઈ સાધનાને વેગ મળે છે. **– અર્ધપ્રાપ્તિ**
- વ્યવહાર યોગ કેવી રીતે પાળવો અને આજ્ઞાસહિત કેવી વિચારણા તથા કેટલી શુદ્ધતા તથા કર્મ, રાગ, દ્વેષ, મોહનું સ્વરૂપ બહુ જ સૂક્ષ્મરીતે સમજમાં આવ્યું. આવો અદ્‌ભુત બોધ અને વિષય સાંભળવાનો અપૂર્વ લહાવો મળ્યો. **– અર્ધપ્રાપ્તિ**
- ધ્યાનમાં ભળવાપણું સાવ ઓછું હતું. વિચારોના દ્રષ્ટા રહેવાતું હતું. પહેલાં કરતાં સાધનાનાં પરિણામ સારાં થયાં છે. સંસારી વિચારો તો નથી આવતા. મૌનથી ઘણો જ મોટો ફાયદો થાય છે. તેમાં પણ પાછું એકાંતમાં રહેવાનું. **– અર્ધપ્રાપ્તિ**

# શ્રી રાજ - સોભાગ આશ્રમના પરિસરમાં બંધાઈ રહેલ

# નૂતન સ્વાધ્યાય હૉલ



શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ સંચાલિત શ્રી રાજ-સોભાગ આશ્રમ, સાયલામાં મુખ્ય પ્રવેશદ્વારની સામે દેવવિમાન આકારનો સુંદર સ્વાધ્યાયખંડ ''કલ્યાણ હૉલ'' નામે બનાવવામાં આવેલ. લગભગ ૨૫ વર્ષ પહેલાં બનેલ આ સ્વાધ્યાયખંડ સ્વાધ્યાય-ભક્તિ-ધ્યાન તેમ જ અન્ય કાર્યક્રમોનો સાક્ષી છે. અહીં મુમુક્ષુઓનો પ્રવાહ અવિરત વહી રહેલ છે. સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહેલ છે. જ્યારે સદ્‌ગુરુદેવ પ.પૂ.બાપુજીના જન્મદિન નિમિત્તે–ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે–પર્વાધિરાજ પર્યુષણપર્વ નિમિત્તે–દીપાવલીના તહેવાર નિમિત્તે યોજાતા કાર્યક્રમોમાં મુમુક્ષુઓનો સમાવેશ આ કલ્યાણ હૉલમાં કરવામાં પ્રશ્નો સર્જાતા જોવા મળે છે. આ પરિસ્થિતિ હવેનાં વર્ષોમાં વિકટ બનશે એમ છેલ્લાં બે-ત્રણ વર્ષથી અનુભવ થવા લાગતાં કેવી રીતે આ પ્રશ્નનો ઉકેલ કરવો એ અંગે વિચારણા શરૂ થયેલ.

સૌ પ્રથમ તો એવો વિચાર ઉદ્‌ભવ્યો કે હાલના આ સ્વાધ્યાયખંડને વિસ્તૃત કરવો. એ માટે ચિંતન શરૂ થયેલ. પણ એમ કરવાથી પણ પ્રશ્નનો ઉકેલ નહિ આવે તેમ લાગ્યું. કારણ આ સ્વાધ્યાયખંડની આસપાસ જમીન–ખુલ્લી જમીન વધારે નથી તેથી વિસ્તૃત કરવા પછી પ્રશ્ન તો રહેશે જ. હાલના સ્વાધ્યાયખંડમાં વધુમાં વધુ ૩૦૦ની સંખ્યાનો સમાવેશ થાય છે. વિસ્તૃતીકરણ બાદ ૫૦૦ની સંખ્યાનો સમાવેશ થાય. વર્તમાનકાળની પ્રવાહી પરિસ્થિતિ જોતાં પ.પૂ.ભાઈશ્રીને એવું જણાયું કે, ભવિષ્યમાં સંખ્યા વધારે થવા સંભવ છે. પરિણામે વિસ્તૃતીકરણને બદલે તદ્દન નવી જગ્યાએ વિશાળ અને અદ્યતન સ્વાધ્યાયખંડ બાલ્કની સહિત ૩૧૧૬૮ ચો.ફૂટ બાંધી શકાય એમ છે. તેથી ત્યાં બાંધવા નિર્ણય લેવાતાં તે અંગેના નકશાઓ તૈયાર થયા. આગામી ૧૫ થી ૨૦ વર્ષનો વિચાર કરી આ સાઈઝ નક્કી કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વાધ્યાય હૉલ | ૯૬૨૩ | ચો.ફૂટ |
| ૨. | સ્ટેજ | ૨૮૦૫ | ચો.ફૂટ |
| ૩. | સ્ટેજ પાછળ સ્ટોર | ૧૮૨૪ | ચો.ફૂટ |
| ૪. | પ્રવેશ માટે કોરિડોર | ૭૬૬૮ | ચો.ફૂટ |
| ૫. | બેઝમેન્ટ | ૪૪૮૦ | ચો.ફૂટ |
| ૬. | બાલ્કની | ૪૭૬૮ | ચો.ફૂટ |
| | | **૩૧,૧૬૮** | **ચો.ફૂટ** |

ઉપર પ્રમાણે વિશાળ અને અદ્યતન સુવિધાઓ સાથે સજ્જ સ્વાધ્યાયખંડ બનાવવો આ અંગેની વિચારણાની જાહેરાત થવાથી દેશ અને પરદેશના મુમુક્ષુઓ દ્વારા જબ્બર પ્રતિસાદ સાંપડ્યો. સારા પ્રમાણમાં ફંડ એકત્ર થયેલ છે. મોટી રકમ ન આપી શકનાર મુમુક્ષુગણની સહયોગ આપવાની ઈચ્છાનો ખ્યાલ આવતાં ઈંટની યોજના જાહેર કરવામાં આવેલ. એક ઈંટના રૂા. ૫૦૦૦ નકરા રૂપે રાખવામાં આવતાં, ગુરુપૂર્ણિમા મહોત્સવ સમયે હાજર ઘણા મુમુક્ષુઓ એક ઈંટથી લઈને પોતાની શક્તિને ગોપવ્યા વિના પોતાની ઉચ્ચતમ ભાવના સાથે વધુમાં વધુ ઈંટ લખાવવા સદ્ભાગી થયા છે. ઘણા મુમુક્ષુઓએ તો પોતાના વ્યવસાયી તથા અન્ય મિત્રવર્ગ, સગા-સંબંધીઓને પણ આ અંગેની વાત કરીને તેઓને આ કાર્યમાં સહભાગી કર્યા છે. હજુ પણ ઘણા મુમુક્ષુ-સાધક-દાનવીરો તેમજ સંસ્થાને ઉપયોગી થઈને પુણ્ય ઉપાર્જન કરવાની ભાવનાવાળાને જેમ જેમ ખબર પડતી જાય તેમ તેમ પોતાના નામે અને કુટુંબના દરેક સભ્યને વ્યક્તિગત રીતે પુણ્ય ઉપાર્જનની ભાવનાથી કુટુંબના દરેક સભ્યના નામે એક અથવા તેથી વધુ ઈંટોનો સહયોગ મોકલી રહ્યા છે. સર્વેનો ખૂબ ખૂબ આદરપૂર્વક આભાર.

અત્રે આ લેખ દ્વારા કોઈ માંગણીની વાત રજૂ કરવાનો કોઈ પ્રયાસ નથી. પરંતુ ઘણા એવા શક્તિશાળી હોય અને તેઓની ઈચ્છા પોતાની ધનરાશિ આવાં કાર્યોમાં વાપરવાની હોય, પરંતુ કોઈ ખ્યાલ ન હોવાથી આ કાર્યમાં સહભાગી ન થઈ શકે કે અન્ય તેવાં કોઈ કારણથી આ કાર્યની રજૂઆત તેઓ પાસે પહોંચે તે લક્ષે અહીં કરેલ છે.

સાથે સાથે આ કામ ખૂબ જ વિશાળ છે અને અવશ્ય સૌના સાથ-સહકારથી અને ગુરુવર્યોના આશીર્વાદ અને પ્રેરણાબળથી ખૂબ જ સારી રીતે સંપન્ન થશે તેવો આત્મવિશ્વાસ પણ છે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ.

આ ઉપરાંત આ હૉલ બાંધકામ માટે જરૂરી મટિરિયલ્સના સપ્લાયર્સ પણ રૂબરૂ અને ફોનથી પોતાની ભાવના રજૂ કરે છે કે - અમને જણાવશો અમે **નહીં નફાના ધોરણે** ઉત્તમ ક્વૉલિટીનું મટિરિયલ સપ્લાય કરવા તત્પર છીએ. જેમ કે અમદાવાદના નિખિલભાઈ પરીખ કે જેઓ લોખંડના વહેપારી છે તેઓએ ખાતમુહૂર્તના બીજા જ દિવસે જણાવ્યું કે અમે **નહીં નફાના ધોરણે** ઉત્તમ ક્વૉલિટીનું લોખંડ સપ્લાય કરીશું. સૌને અભિનંદન.

આવો સહુ સાથે મળીને નવનિર્મિત સ્વાધ્યાય હૉલના કામની પૂર્ણાહુતિ અને સ્વયં અંદર બેસીને સ્વાધ્યાય કરતાં હોય એ દૃશ્યને મનોમન અંતરના ચક્ષુથી રોજ ઓછામાં ઓછું એક વખત નિહાળીએ. લાગણી અને ઉર્મિઓને પાંખો આપીને એ દિવસને આજથી જ અંતર અનુભવમાં લાવીએ. એમ થવાથી Universe માં એક Positive Vibration ફેલાશે અને એ દ્વારા ખૂબ જ ઉત્તમ રીતે આ કાર્ય પૂર્ણ થશે. અને વર્ષોવર્ષ સુધી અનેક મુમુક્ષુ-સાધક-આત્માઓ પોતાની સાધનામાં આગળ ને આગળ વધતાં રહે.

સૌનો ફરી ફરીને અંતઃકરણપૂર્વક આભાર અને ઋણ સ્વીકાર કરીએ છીએ. અને આપ સૌ



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

આ કાર્યમાં વધુમાં વધુ ઉપયોગી થાઓ તેવી અંતરની ભાવના.

નૂતન સ્વાધ્યાયખંડ બધી રીતે અનોખો બની રહેશે. એન્જિનિયર દ્વારા બનાવવામાં આવેલ પ્લાન અનુસાર આશરે ૧૨૦૦ વ્યક્તિઓનો સમાવેશ થઈ શકશે પણ ખૂબ જ સરળતાથી ૧૫૦૦ માણસોનો સમાવેશ થઈ શકે એટલો વિશાળ હૉલ થશે. નીચે બેઝમેન્ટમાં લાયબ્રેરી— પ.કૃ.દેવના જીવનના પ્રસંગો દર્શાવતું કાયમી પ્રદર્શન ગોઠવવા વિચારેલ છે. ઉપરાંત એક નાનું થિયેયર પણ બનાવવા વિચાર છે કે જેથી જરૂરી ફિલ્મ ત્યાં દર્શાવી શકાય. સમગ્ર સ્વાધ્યાયખંડમાં લાઈટ-માઈક-અન્ય આધુનિક સામગ્રી ગોઠવવામાં આવશે. પ.પૂ.ભાઈશ્રીની દૂરંદેશીનો અનુભવ આપણને સર્વને થાય છે. આધુનિક સ્વાધ્યાયખંડ આપણને સૌને પ્રેરણાનું પાન કરાવશે એ નિશ્ચિત છે. શ્રી ગુરુપૂર્ણિમા તા. ૨૬-૭-૨૦૧૦ના રોજ શિલારોપણવિધિ ભવ્ય રીતે કરાવવામાં આવેલ. થોડા વખતમાં બાંધકામ હાથ ધરાશે. આ ખંડ આપણા સૌ માટે ઉપકારી બનશે એ નિર્વિવાદ છે.

❖ ❖ ❖

**શ્રી રાજ-સોભાગ આશ્રમના પવિત્ર પરિસરમાં પ.પૂ.ભાઈશ્રીના સાંનિધ્યમાં પ્રેમની પરબનો વાર્ષિક ઉત્સવ**

તારીખ ૨૯ અને ૩૦, જાન્યુઆરી ૨૦૧૧, શનિવાર અને રવિવાર એમ બે દિવસ દરમ્યાન પ્રેમની પરબનો વાર્ષિક ઉત્સવ ઊજવવામાં આવશે. આપ સર્વેને આ આનંદ પર્વમાં હોંશભેર ભાગ લેવા હૃદયપૂર્વકનું આમંત્રણ છે.

## પ.પૂ. ભાઈશ્રી સાથે યુવા મુમુક્ષુઓની વર્ષાઋતુમાં "આધ્યાત્મિક ઉજાણી"

બાહ્યથી મંદ મંદ વરસતો વરસાદ અને ભીતરમાં સદ્‌ગુરુની અસીમ કૃપાની વર્ષા આમ બાહ્યઅભ્યંતર રીતે ભક્તિરસથી ભીંજાતા યુવા મુમુક્ષુઓએ તા. ૧૧-૭-૨૦૧૦ના રોજ પ.પૂ. ભાઈશ્રીની નિશ્રામાં લોનાવલાની એક-દિવસીય આધ્યાત્મિક ઉજાણીનો આસ્વાદ માણ્યો.

સવારના ૨૫-૩૦ જેટલા યુવા મુમુક્ષુઓ પોતપોતાની ગાડી લઈને લોનાવલા જવા રવાના થયા. સૌ પ્રથમ ઝાલાવાડી સેનિટોરિયમમાં ચા-નાસ્તો કર્યા બાદ પાવના ડેમ તરફ રવાના થયા. ત્યાં એક સુંદર મજાના આહ્‌લાદ ઉપજાવે એવી જગ્યાએ ગાડીઓ પાર્ક કરીને બધા ભેગા મળી તળાવ પાસે બેસી ગયા. પ.પૂ.ભાઈશ્રી સાથે નૈસર્ગિક સૌંદર્ય અને ઝરમર વરસતા વાતાવરણમાં ભક્તિ કરી અને પછી ત્રણ Instant નાટ્યપ્રયોગની પ્રસ્તુતિ થઈ. જીગર અને હર્ષિલે એક જોક ઉપર સૌને હાસ્ય ઉપજાવે એવું રમૂજી નાટ્ય રજૂ કર્યું. ત્યારબાદ એ લોકોએ ઋષભ અને શ્રેયને સાથે લઈ અને બીજો પણ નાનો ડ્રામા કર્યો. આ જોઈને ડૉ. સુહાબહેને, ડૉ. કોમલ અને મિનળબેનની સાથે એક હાસ્ય-પ્રસ્તુતિ કરી. જેમાં સ્ત્રીઓનું મહત્ત્વ બતાવ્યું. યુવાન મુમુક્ષુઓએ મન મૂકીને પ.પૂ.ભાઈશ્રી સાથે પોતપોતાની વાતો કરી અને ગુરુમુખેથી તેનો પ્રતિસાદ સાંભળી આનંદ કિલ્લોલ કર્યો. પછી તો મેઘરાજા ગાજ્યા એટલે સૌ પાવન ઝાલાવાડી સેનેટોરિયમ પહોંચી ગયા. ત્યાં ભોજન લીધા બાદ બપોરના પ.પૂ.ભાઈશ્રીએ ખૂબ જ અસરકારક સ્વાધ્યાય કરાવ્યો. ભરત ચક્રવર્તી અને સુંદરીની કથા કહી. યુવાનોને દેહ પ્રત્યેનું મમત્વ ઘટે અને શરીરનો સ્વભાવ જ છે કે સડી જવું, પડી જવું, ગળી જવું એ ભાવો સ્થિર કરાવ્યા.



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

આવા અનુપમ સ્વાધ્યાય અને ભક્તિના કાર્યક્રમ બાદ બધા ચા-નાસ્તો કરી મુંબઈ તરફ પાછા વળ્યા. દરેકના ચેહરા પર અનેરો આનંદ છવાયેલો હતો.

આખો દિવસ નિર્દોષ સુખ, નિર્દોષ આનંદમાં વીતી ગયો. આ જ છે પ્રત્યક્ષ સદ્‌ગુરુની બલિહારી !!

❖ ❖ ❖

## શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા આયોજિત આદિગુરુ શ્રી ગૌતમ સ્વામી અને આચાર્યવર શ્રી કુંદકુંદસ્વામીની પ્રતિમાઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૨૭-૭-૨૦૧૦ના પ.પૂ.ભાઈશ્રી, બ્ર.લલિતાબેન, બ્ર.વિક્રમભાઈ, બ્ર.મિનળબેન, આ. અરુણભાઈ તથા આ. પુનિતબેન દોશી સાયલાથી કોબા જવા રવાના થયાં. બ્ર. લલિતાબેનને ઘરે જમ્યા બાદ કોબા આશ્રમ રાતના પહોંચ્યાં અને તરત જ આ. શ્રી જયભાઈ તથા વિધિબેનની સુંદર ભાવવાહી ભક્તિમાં જોડાઈ ગયાં.

ભક્તિના અંતે પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બનનાર સંતો, વિદ્વાનો, સ્વાધ્યાયકારો વિગેરેનું સન્માન કરવામાં આવ્યું. પ.પૂ.ભાઈશ્રીની સાથે બ્ર.વિક્રમભાઈ તથા બ્ર.મિનળબેનનું પણ અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ પરમ શ્રદ્ધેય શ્રી આત્માનંદજી સાથે મુલાકાત કરી.

બીજે દિવસે વહેલી સવારે પ્રતિષ્ઠા વિધિની પૂજામાં સૌએ ભાગ લીધો.

પૂજા સંપન્ન થતાં સંતોના સ્વાધ્યાયનો સમારંભ હતો. જેમાં પ.પૂ.ભાઈશ્રીએ કહ્યું કે "પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભક્તિભાવનો ઉલ્લાસ ઊછળી રહ્યો છે. આપણે મહાપુરુષોના સાંનિધ્યમાં આત્મકલ્યાણ કરવાની અપેક્ષા રાખીએ છીએ કારણ કે તે આત્માને ઓળખી સહજ સ્વરૂપે સ્થિતિ કરવી છે.

ભેદજ્ઞાન પ્રગટ કરવા પૂ.શ્રી કુંદકુંદાચાર્યનો બોધ અત્યંત ઉપયોગી છે. અંતમાં સુંદર આયોજન કરવા બદલ કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા તેમજ પૂજ્ય શ્રી આત્માનંદજીના સાનિધ્યમાં અનેક લોકો આત્મશ્રેય સાધે એવી ભાવના ભાવી.

આમ પૂજાવિધિ અને સ્વાધ્યાય બાદ સૌ શોભાયાત્રામાં જોડાય ગયા. પ.પૂ.ભાઈશ્રી પરમ શ્રદ્ધેય આત્માનંદજી સાથે પ્રતિમાજીના રથમાં બેઠા અને બીજા બધા મુમુક્ષુઓ પાછળ ચાલતા હતા. ખૂબ જ ઉલ્લાસપૂર્ણ વાતાવરણ હતું.

બરોબર ૧૨-૫૨ કલાકે વિજયમુહૂર્તે વિધિ સહિત પ્રતિમાજીઓની જિનમંદિરમાં સ્થાપના કરવામાં આવી. આખી વિધિ દરમ્યાન પૂ.ભાઈશ્રી, બ્ર.વિક્રમભાઈ તથા બ્ર.મિનળબેન જિનમંદિરમાં પૂજ્ય શ્રી તથા પૂ. શર્મિષ્ઠાબેન સાથે જ હતાં.

ત્યાર બાદ ભોજનનો લાભ લઈ પાછા સાયલા જવા રવાના થયા.

❖ ❖ ❖

## ગુરુપૂર્ણિમા મહોત્સવ, ૨૦૧૦

મુમુક્ષુગણ માટે જો કોઈ મહાન પર્વ હોય તો તે છે ગુરુપૂર્ણિમા. ગુરુ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરવાનો ઉત્સવ. સદ્‌ગુરુદેવની અપાર કરુણા વડે જીવ સંસાર સાગર પાર પામવાને શક્તિમાન બને છે. અશરણ એવા આ સંસારમાં એક શ્રી સદ્‌ગુરુદેવ જ અનન્ય શરણના આપનાર સમર્થ પુરુષ છે. તેઓ પ્રત્યેનું ઋણ અદા કરવાના આ અવસરને માટે મુમુક્ષુ ઉત્કંઠિત હોય એ સ્વાભાવિક છે. દર વર્ષે શ્રી રાજ-સોભાગ આશ્રમમાં આ ઉત્સવ ભારે ઉત્સાહપૂર્વક-ભાવથી ઊજવવામાં આવે છે.

આ વર્ષે પણ દર વર્ષની માફક આ મહોત્સવ ત્રિદિવસીય મહોત્સવરૂપે તા. ૨૫-૨૬-૨૭ જુલાઈ,



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

૨૦૧૦, રવિ-સોમ-મંગળવાર દરમ્યાન ઊજવવામાં આવેલ. પ.પૂ.સદ્‌ગુરુદેવ ભાઈશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયેલ આ મહોત્સવ ચિરસ્મરણીય બની ગયેલ છે. કારણ કે મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે રવિવાર, તા. ૨૫-૭-૧૦ના રોજ દૈનંદિન નિત્ય યોજાતા કાર્યક્રમ ઉપરાંત સવારે ૧૨ કલાકે બધાં જ મુમુક્ષુઓ સાયલા ગામમાં આવેલ શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ સંચાલિત નેત્ર ચિકિત્સા માટેની હૉસ્પિટલના નીચેના ભાગમાં જ્યાં પહેલાં સત્સંગ મંડળ સંચાલિત સાર્વજનિક દવાખાનું ચાલતું હતું ત્યાં દાંતની ચિકિત્સા માટે દવાખાનાના ઉદ્‌ઘાટનના પ્રસંગ નિમિત્તે એકત્ર થયેલ. આ દવાખાનાનું ઉદ્‌ઘાટન મંત્રોચ્ચાર સહ પ.પૂ.ભાઈશ્રીની શુભ ઉપસ્થિતિમાં તેઓશ્રી ઉપરાંત મુંબઈથી આ પ્રસંગ માટે ખાસ પધારેલ નાયર હૉસ્પિટલનાં ડીન શ્રીમતી સુહાસિનીબહેન નાગડા તેમજ ડૉ. જીતુભાઈ નાગડાના વરદ્ હસ્તે યોજાયેલ. આમ સાયલા ગામ અને આસપાસના વિસ્તારના પ્રજાજનો માટે શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ દ્વારા નવી સુવિધા પ્રદાન કરતી ઉત્તમ ભેટ-ઉપહાર રૂપે પ્રાપ્ત થયેલ છે.

સોમવાર તા. ૨૬-૭-૨૦૧૦ના રોજ મુમુક્ષુઓ આધુનિક સુવિધાઓથી સજ્જ વિશાળ સ્વાધ્યાય-ખંડમાં મોક્ષમાર્ગે પ્રગતિ સાધી શકે એવા હેતુથી નૂતન સ્વાધ્યાયખંડ માટે સવારના ૯ થી ૧૨-૩૦ દરમ્યાન શિલાન્યાસવિધિનો કાર્યક્રમ પ.પૂ.ભાઈશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થયેલ. શ્રી કપિલભાઈ સહ સાત બ્રાહ્મણો દ્વારા શુદ્ધ મંત્રોચ્ચાર દ્વારા આ વિધિમાં પ.પૂ.ભાઈશ્રી ઉપરાંત તમામ બ્ર.નિ.ભાઈ- બહેનો તેમજ મોટું દાન આપનાર દ્વારા આ વિધિ ખરેખર ભવ્ય રીતે કરવામાં આવેલ. જૈન વિધિ પણ કરવામાં આવેલ. સોનાના દાગીના-ચાંદીની લગડીઓથી ભરપૂર કુંભ સ્થાપન વિધિ અને તામ્રપત્ર પર આ પ્રસંગ વિષેનું લખાણ પણ ઊંડા બનાવેલ ખાડામાં મૂકવામાં આવેલ. ખૂબ જ વ્યવસ્થિત રીતે શાંત વાતાવરણમાં આ આખો કાર્યક્રમ ભવ્ય રીતે-યાદગાર કહી શકાય એવી રીતે પરિપૂર્ણ થયેલ. વિધિમાં બેસનાર દાતાઓ અને બ્રાહ્મણોનું બહુમાન કરવામાં આવેલ. પેંડાની પ્રભાવના કરવામાં આવેલ.

રવિવાર તા. ૨૫-૭-૨૦૧૦ના રાત્રે ૯ થી ૧૨ દરમ્યાન બ્ર.નિ.શ્રી મિનળબેન દ્વારા મુંબઈ ખાતે યુવાનો માટે જે વાઈબ્રન્ટ યૂથની પ્રવૃત્તિ ચાલે છે તેના યુવામુમુક્ષુઓ દ્વારા શાંતિવનમાં બહુ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. તેમાં નૃત્ય-નાટક-પદોનું ગાન અને અંતમાં રાસ-ગરબાની પ્રસ્તુતિ સરસ રીતે કરવામાં આવેલ. મંગળવાર તા. ૨૭-૭-૨૦૧૦ના રોજ શ્રી યાદવભાઈના નેતૃત્વ હેઠળ આશીર્વાદ સેન્ટરનાં બાળકો દ્વારા પ્રાર્થના ગીત નૃત્ય દ્વારા સવારના ૧૧ કલાકે સ્વાધ્યાય પહેલાં રજૂ કરવામાં આવેલ.

સોમવાર તા. ૨૬-૭-૨૦૧૦ના રોજ બપોરે ૪ થી ૬-૩૦ દરમ્યાન ગુરુપૂર્ણિમાની સભાનો કાર્યક્રમ થયેલ. તેમાં બ્ર.નિ.શ્રી મિનળબેન અને અન્ય બહેનો દ્વારા શ્રી ગુરુભક્તિનું પદ રજૂ થયેલ. બ્ર.નિ.શ્રી રસિકભાઈ દ્વારા લખાયેલ પુસ્તક "શ્રી સદ્‌ગુરુ, સત્પુરુષ, સંત-જ્ઞાની પુરુષોનું માહાત્મ્ય"નું વિમોચન પ.પૂ.ભાઈશ્રીના વરદ્ હસ્તે થયેલ. આ પુસ્તક કુટુંબ દીઠ એક પ્રભાવના રૂપે અપાયેલ તો શ્રી જીગર મેતલીયા દ્વારા પ.પૂ.ભાઈશ્રીના ટેબલ ઉપર રાખી શકાય એવા ચિત્રપટનું વિતરણ પણ પ.પૂ.ભાઈશ્રીના શુભ હસ્તે કરવામાં આવેલ. આ ચિત્રપટની પ્રભાવના થયેલ. સંદેશાવાંચન બ્ર.નિ. શ્રી ભૂપતભાઈએ કરેલ. "પ્રેમની પરબ"ના ડાયરેકટર તથા ગર્લ્સ હાઈસ્કૂલ-કૉલેજના આચાર્યશ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસે તેમજ પ્રો. શ્રી ચંદ્રિકાબહેન



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

પંચાલીએ ગુરુપૂર્ણિમાના મહત્ત્વ વિષે વિચારો વ્યક્ત કરેલ. પ.પૂ.ભાઈશ્રીએ આશીર્વચન ઉચ્ચારતાં સર્વ ગુરુજનોને યાદ કરી અપૂર્વ અંજલિ અર્પેલ. શ્રીકૃષ્ણ- અર્જુન સંવાદ તેમજ અન્ય દૃષ્ટાંતો દ્વારા સમર્પણ-ભાવ વિષે જણાવી પ્રગતિશીલ થવા અનુરોધ કરેલ.

ગુરુપૂર્ણિમાના મહોત્સવમાં પ.પૂ.ભાઈશ્રી ઉપરાંત બ્ર.નિ.ભાઈ-બહેનો સર્વશ્રી મિનળબેન, વિક્રમભાઈ, રસિકભાઈ, વિનુભાઈ, લલિતાબેન, દીપકભાઈ, કરશનભાઈ ઉપસ્થિત રહેલ. સંસ્થાના ટ્રસ્ટી શ્રી વજુભાઈ શાહ ઉપરાંત નૈરોબી, લંડન, કલકત્તા, મુંબઈ, અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, ઈન્દોર, ભૂજ-કચ્છ, કોટા, વગેરે સ્થળોએથી મુમુક્ષુ ભાઈ-બહેનો ૩૦૦ થી વધારે સંખ્યામાં હાજર રહેલ.

સમગ્ર કાર્યક્રમ આનંદપૂર્વક-શિસ્તબદ્ધ રીતે પૂર્ણ થયેલ હતો. નૂતન સ્વાધ્યાયખંડ માટે મોટા દાનની જાહેરાત થયેલ હતી. નાની રકમ આપી સહયોગી થવાની ભાવનાવાળા માટે ઈંટની જાહેરાત કરવામાં આવેલ. એક ઈંટના રૂપિયા ૫૦૦૦ નકરા તરીકે નક્કી થયેલ. આ જાહેરાત થતાં લગભગ ૧૬૫ જેટલી ઈંટો નોંધાયેલ હતી. શ્રી ગુરુપૂર્ણિમાના શુભદિન નિમિત્તે પ.પૂ.શ્રી ગુરુદેવના ચરણોમાં શુભ કાર્યો માટે મુમુક્ષુઓ દ્વારા રૂા. ૧,૬૨,૦૦૦ અર્પણ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન બ્ર.નિ.શ્રી વિક્રમભાઈએ બહુ જ સુંદર રીતે કરેલ હતું. નવા રૂમો બાંધવા અંગે જાહેરાત કરેલ. વાંકાનેરના દેવદયા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી નેત્ર ચિકિત્સા માટે તમામ સાધન-સામગ્રીથી સજ્જ એમ્બ્યુલન્સવાન ભેટ મળવાની જાહેરાત કરેલ. આ પ્રસંગે સંઘ પૂજન પણ કરવામાં આવેલ.

❖ ❖ ❖

## પૂ.શ્રી સોભાગ દેહવિલય દિન

જેઠ વદ ૧૦ તા.૭-૭-૧૦ પૂ.સોભાગભાઈનો દેહવિલય દિન દર વર્ષની જેમ આ વર્ષે પણ ઊજવવામાં આવ્યો.

રાજકોટથી બે બસમાં ૧૧૦ મુમક્ષુભાઈઓ-બહેનો તથા મોરબીથી ૫૫ મુમુક્ષુભાઈઓ-બહેનો સવારે ૮-૦૦ વાગે આશ્રમમાં આવી ગયાં હતાં. સર્વેએ સાથે નોકારશી કરી અને બધા સાયલા ગામમાં આવેલ શ્રી રાજ-સોભાગ વિશ્રાંતિ ધામમાં પહોંચી ગયાં.

શરૂઆતમાં એક કલાક ભક્તિ કરવામાં આવી તે પછી રાજકોટના સ્વાધ્યાયકાર માન. શ્રી સુધીરભાઈએ પચાસ મિનિટનો સ્વાધ્યાય શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્ર નં.-૨૨૩ના આધારે કરાવ્યો. આ પછી પૂ.ભાઈશ્રીનો પરમ સત્સંગ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્ર નં.-૪૯ના આધારે થયો.

બપોરનો સ્વાધ્યાય ૩-૩૦ થી ૫-૪૫ શ્રી રાજ-સોભાગ આશ્રમના કલ્યાણ હૉલમાં થયો. શરૂઆતમાં મોરબીના પ્રો. હસુભાઈ સંઘવીએ સ્વાધ્યાય કરાવ્યો અને તે પછી પૂ.ભાઈશ્રીનો પરમ સત્સંગ વચનામૃત પત્ર નં.-૨૧૭ના આધારે થયો. અંતમાં આત્માર્થી વજુભાઈ શાહે સર્વેને આશ્રમની આધ્યાત્મિક તથા જનહિતની પ્રવૃત્તિની માહિતી આપી આભાર વ્યક્ત કર્યો.

સર્વેને માટે બન્ને સમયના ભોજનની તથા ચા-નાસ્તાની વ્યવસ્થા સુંદર રીતે ગોઠવવામાં આવેલ હતી.

સર્વે મળી કુલ ૨૫૦ મુમુક્ષુઓએ આ દિવસ ખૂબ જ આનંદ તથા ભક્તિભાવપૂર્વક ઊજવેલ હતો.

❖ ❖ ❖



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

## પ્રતિમાજી તથા ચિત્રપટ સ્થાપના વિધિ

મુમુક્ષુ શ્રી શશીકાંત ભાલાણી અને તેમના સુપુત્રો ચિ. હિરેન તથા ચિ. હેમલે મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટનો વેપાર થોડાં વર્ષોથી ચાલુ કરેલ છે. તેમનો ધંધો ઘણો વધતો જાય છે. અને નવી નવી કંપનીઓ સ્થાપતા જાય છે તેમની કંપની ભાલાણી મેડિસર્જ માટે તેઓએ તેમની દાદરની ઑફિસ પાસે એક નવી ઑફિસની જગ્યા લીધી અને તેમાં ૨૮-૪-૨૦૧૦ના (૧) પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી (૨) પ.કૃ.દેવ તથા (૩) પૂ.બાપુજી + પૂ.ગુરુમા તથા પૂ.ભાઈશ્રીના ચિત્રપટની સ્થાપના વિધિ રાખવામાં આવેલ. આ વિધિ પ.પૂ.ભાઈશ્રીની નિશ્રામાં બ્ર.મિનળબેન, બ્ર.વિક્રમભાઈ, બ્ર.રસિકભાઈ, બ્ર.વિનુભાઈ તથા બ્ર.દિપકભાઈની હાજરીમાં ખૂબ જ આનંદ તથા ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ. ભાલાણી પરિવારના સભ્યો તથા મુમુક્ષુઓ તથા આમંત્રિતો આ પવિત્ર વિધિ વખતે હાજર રહ્યાં હતાં. ઑફિસ ઘણી સુંદર બનાવેલ છે. ભાલાણી પરિવારને અભિનંદન.

— — —

મુમુક્ષુ કિંજલ, પરાગ તથા પિતાશ્રી ચંદુભાઈ સંઘવીએ ઘાટકોપરમાં ૬૦ ફૂટના રસ્તા પર ઘણો મોટો તથા વિશાળ બ્લોક લીધો અને તેને ખૂબ જ સુંદર રીતે સજાવ્યો. બ્લોકના એક નાના રૂમમાં મંદિર બનાવ્યું. મંદિરમાં (૧) મહાવીર સ્વામીની પ્રતિમા (૨) પ.પૂ.બાપુજી (૩) પૂ.ગુરુમા તથા (૪) પૂ.ભાઈશ્રીના ચિત્રપટની સ્થાપના તા. ૧૮-૭-૨૦૧૦, રવિવારે સવારે ૧૦-૦૦ વાગે રાખવામાં આવેલ. ખૂબ જ ઉલ્લાસ તથા ભક્તિ-ભાવપૂર્વક આ વિધિ સંપન્ન થઈ.

આ પછી પૂ.ભાઈશ્રીનો સ્વાધ્યાય રાખવામાં આવેલ. સ્વાધ્યાયમાં પૂ.ભાઈશ્રીએ દ્રવ્ય તથા ભાવપૂજાનું માહાત્મ્ય એક વાર્તાને આધારે સમજાવ્યું હતું. પૂ.ભાઈશ્રીને હસ્તે સ્થાપના વિધિ કરવામાં આવેલ અને આ પ્રસંગે બ્ર.મિનળબેન, બ્ર. વિક્રમભાઈ, બ્ર.દિપકભાઈ, ચંદુભાઈ સંઘવી પરિવારના સભ્યો તથા મુમુક્ષુઓની હાજરી હતી. સ્વાધ્યાય પછી ભોજનની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

❖ ❖ ❖

## પર્યુષણ પર્વ આરાધના

સર્વે પર્વોમાં મહાનમાં મહાન પર્વ પર્યુષણ પર્વ છે. સર્વે પાપદોષોની ક્ષમાપના કરી કર્મની નિર્જરા કરવાનું પર્વ છે.

જગતના સર્વે જીવો પ્રત્યે મૈત્રીભાવ વિસ્તરવાનું પર્વ પર્યુષણ છે.

પૂ.ભાઈશ્રીની પરમ નિશ્રામાં તા. ૪ થી ૧૧ સપ્ટેમ્બર-૨૦૧૦ પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે કરવામાં આવી. શરૂઆતના ત્રણ દિવસ દરમ્યાન આશ્રમના દૈનિક નિત્યક્રમ કરતા પૂ. ભાઈશ્રીએ સ્વાધ્યાયમાં "વંદીતુ સૂત્ર"ની સમજણ આપી. 'વંદીતુ' એટલે શ્રાવક પ્રતિક્રમણ. આમાં બાર વ્રત તથા આચાર વિગેરેનો ૧૨૪ અતિચાર આવે છે.

બ્ર.રસિકભાઈએ સકલાહર્ત, અજીતશાંતિ, બૃહદશાંતિ, ઉવસગહરં....સ્તોત્ર, લોગસ્સ, નમુત્થુણં, સ્તવ... વિ. અર્થ સાથે સમજાવેલ.

ચોથા-કલ્પધરના દિવસે "કલ્પસૂત્રજી"નો ભવ્ય વરઘોડો આખા આશ્રમમાં ફર્યો અને તેની પધરામણી કલ્યાણહૉલમાં થઈ. બ્ર.વિનુભાઈને તે વહોરાવવામાં આવ્યું અને પછી તેનું વાંચન બ્ર. વિનુભાઈએ કર્યું. મુમુક્ષુઓએ સમૂહમાં કલ્પસૂત્રની બોલી મોટી રકમમાં લીધેલ. દરરોજ સવારે જ્ઞાનપૂજન તથા વાસક્ષેપ પૂજન પછી વાંચનની શુભ શરૂઆત કરવામાં આવતી.

છેલ્લે દિવસે કલ્પસૂત્રનું વાંચન પૂરું થયા પછી “કલ્પસૂત્રજી”નો વરઘોડો કાઢવામાં આવ્યો અને પ.પૂ.બાપુજીની કુટીરમાં તે પૂરો કરવામાં આવ્યો.

દર વર્ષની જેમ બ્ર.વિનુભાઈએ કલ્પસૂત્રનું સુંદર વાંચન કરેલ. તેમનું ઓપરેશન થયે થોડાંક જ દિવસ થયા હોવા છતાં સ્પષ્ટ અક્ષર ઉચ્ચાર સાથે તેમણે વાંચન પૂરું કરેલ.

સંવતસરીના મહાન દિવસે ૨૦૦થી વધુ મુમુક્ષુઓએ સમૂહમાં પ્રતિક્રમણ કરી–પૂ.ભાઈશ્રી, સર્વે બ્રહ્મનિષ્ઠો તથા એકબીજાને અંતઃકરણપૂર્વક ખમાવેલ.

પર્યુષણ દરમિયાન પાંચ અઠ્ઠમ, સળંગ એકાસણા તથા બીયાસણા, છુટક ઉપવાસ તથા એકાસણા મોટી સંખ્યામાં થયેલ.

સંઘપૂજન તથા પ્રભાવના સારા પ્રમાણમાં કરવામાં આવી.

સંવતસરી પ્રતિક્રમણની બોલી બોલવવામાં આવેલ. મુમુક્ષુઓએ તેનો સુંદર લાભ પ્રાપ્ત કરેલ હતો. દરરોજ દહેરાસરજીની પૂજા તથા આરતી અને મંગળદીવાની બોલી બોલવામાં આવતી. જ્ઞાનપૂજા તથા જીવદયામાં સારી એવી રકમ મુમુક્ષુઓએ વાપરેલી.

આ દિવસો દરમિયાન બ્ર.મિનળબેન, બ્ર. વિક્રમભાઈ, બ્ર.રસિકભાઈ, બ્ર.લલિતાબેન, બ્ર. વિનુભાઈ તથા બ્ર.કરશનભાઈનું સાનિધ્ય મુમુક્ષુઓને પ્રાપ્ત થયેલ હતું.

તા. ૧૨-૯-૨૦૧૦, રવિવારે સમૂહ પારણાં રાખવામાં આવેલ હતાં.

પર્યુષણ પર્વની આરાધના ખૂબ જ શાંતિપૂર્વક ઉલ્લાસ અને આનંદની ધારા સાથે પૂર્ણ થયેલ હતી.

## દિવાળીબા

બાળપણથી જ સદાચાર અને ગાંધીયન સંસ્કાર ધરાવતાં દિવાળીબા જ્યારે પૂ.બાપુજીના સમાગમમાં આવ્યાં ત્યારથી તેમના જીવનની પરિવર્તન ધારા શરૂ થઈ ગઈ. પૂ.બાપુજીને સમર્પિત થયા પછી તેઓ તેમની આજ્ઞાનું આરાધન દૃઢ શ્રદ્ધા તથા નિષ્ઠાપૂર્વક કરવા લાગ્યાં. સંસારી પ્રવૃત્તિ ઘટાડતાં ગયાં અને પૂ.બાપુજીના શરણમાં વધુ ને વધુ રહેવા લાગ્યાં. એમ કરતાં કરતાં તેમણે આશ્રમમાં જ કાયમી નિવાસ શરૂ કર્યો. પૂ. બાપુજીની સેવા તથા ભક્તિ તે તેમનું મુખ્ય આરાધન બની ગયું. તેના ફળરૂપે તેમની પ્રગતિ સહજ રીતે થવા લાગી. આમ દિવાળીબાએ પૂ. બાપુજીની સેવાનો ઉત્તમ લાભ પૂ.બાપુજીના જીવનના અંત સુધી લીધો.

પૂ.ભાઈશ્રી પ્રત્યેનો તેમનો સેવા તથા ભક્તિભાવ એવો ને એવો જ રહ્યો. આ ઉપરાંત પૂ.ગુરુમા, બ્ર.મિનળબેન તથા બ્ર.વિક્રમભાઈ પ્રત્યેનો ભાવ પણ ખૂબ જ સુંદર રહ્યો.

દિવાળીબા સરળ સ્વભાવનાં, નિડર તથા સ્પષ્ટવક્તા હતાં. નિખાલસતાપૂર્વક પોતાની વાતો રજૂ કરી શકતાં. આશ્રમમાં આવતા મુમુક્ષુઓની સંભાળ રાખતાં, આશ્રમના કર્મચારીઓને તેની ભીડમાં મદદરૂપ બનતાં, ગામના દુઃખી લોકોની જરૂરિયાત તેઓ પૂરી કરતાં. તેમનું શરીર સ્વાસ્થ્ય ઘણું સારું રહેતું. પણ છેલ્લે નિકાચિત કર્મ ઉદયમાં આવ્યું અને તેમને અસાધ્ય રોગ લાગુ પડ્યો. તેઓ રોગની સામે ઝઝૂમી અને આંતર જાગૃતિ રાખવાનો પુરુષાર્થ કરતાં. તા. ૨૦ જૂન, ૨૦૧૦ના તેમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો. દૃઢ શ્રદ્ધામૂર્તિ દિવાળીબાનું મોક્ષમાર્ગ તરફનું પ્રયાણ સતત ચાલુ રહે તેવી ભાવના સાથે તેમના આત્માને પ્રણામ હો.



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

## ચારુબહેન કામદારનું સમાધિમરણ

લંડન સ્થિત મુમુક્ષુ ચારુબહેન કામદાર કે જે ખૂબ સારાં આરાધક મુમુક્ષુ હતાં શારીરિક સ્થિતિ નબળી હોવા છતાં જ્યારે જ્યારે તેમને મોકો મળે ત્યારે આશ્રમમાં આવી શિબિરનો લાભ લઈ જતાં. તેમનાં માતુશ્રી રંજનબહેન કામદારની શારીરિક પરિસ્થિતિ તેમનાં કરતાં પણ વધુ નબળી હોવાથી- તેઓ ઘરનાં બધાં કામો કરતાં હોવા છતાં પોતાનાં બધાં જ આધ્યાત્મિક ક્રમ નિયમિત કરતાં મોક્ષમાર્ગ પ્રત્યે તેમને અતૂટ શ્રદ્ધા હતી અને આત્મવિશ્વાસ-પૂર્વક તેમનું આરાધન ચાલતું. છેલ્લે છેલ્લે તો મા-દીકરી બન્નેનું સ્વાસ્થ્ય વધુ નબળું થતું ગયું તેવે વખતે તેમના પિતાશ્રી ચિમનભાઈ કામદારનો દેહવિલય થયો. આથી ચારુબહેન, તેમનો ભાઈ દીપક તથા રંજનબેનને ચિમનભાઈ પાછળનાં થોડાં કામો પૂરાં કરવા ભારત આવવું પડ્યું. તેઓ સાયલા આવીને રહી શકે તેમ ન હોવા છતાં પૂ.ભાઈશ્રીએ તેમને આગ્રહ કર્યો આથી તેઓ સાયલા આવ્યાં. ચારુબેન એકાંતમૌન આરાધના શિબિરમાં બેઠાં. અને રંજનબહેનની તબિયત એકદમ ખરાબ થઈ. તેમને રાજકોટની વોકાર્ડ હૉસ્પિટલમાં દાખલ કરવાં પડ્યાં અને તેમને ઓપરેશન કરવાની જરૂરત પડી. ભારતનું તેઓનું રોકાણ વધી ગયું. ચારુબહેને પણ વોકાર્ડના નિષ્ણાત ડૉકટરોને તેમની તબિયત બતાવી. ડૉકટરોએ સ્નાયુની બાયોપ્સી મુંબઈ કરાવવા જણાવ્યું. રંજનબહેનને હૉસ્પિટલમાંથી રજા આપતાં તેઓ મુંબઈ આવ્યાં. ચારુબહેન બોમ્બે હૉસ્પિટલમાં બાયોપ્સી માટે ગયાં પણ બાયોપ્સી પછી થોડા દિવસ રોકાવું પડે તેમ હોવાથી ડૉકટરે તેમને તે લંડન જઈને કરાવવા જણાવ્યું. પૂ. ભાઈશ્રી આ વખતે મુંબઈથી સાયલા જઈ રહ્યા હોવાથી રંજનબહેનની ખબર કાઢવા ગયા. પૂ.ભાઈશ્રીએ જોયું કે રંજનબહેન તો ઘણાં સારાં લાગતા હતાં પણ ચારુબહેન શરીરથી ખૂબ જ નબળા લાગતાં હતાં. ઊઠવા બેસવામાં તેમને ઘણો જ શ્રમ પડતો હતો. ચારુબહેને પોતાની સાધના અંગે ઘણા સવાલો પૂ.ભાઈશ્રીને પૂછ્યા અને પૂ.ભાઈશ્રીએ તેનું સમાધાન કરી આપ્યું. તેઓએ પોતાને હાથે ચા બનાવી પૂ.ભાઈશ્રીને પીવડાવી અને પછી ભાઈશ્રી સાયલા જવા રવાના થઈ ગયા. ભાઈશ્રી બીજે દિવસે સવારે સાયલા પહોંચી ગયા ત્યાં તેમને સમાચાર મળ્યા કે ચારુબહેને રાત્રે નિંદરમાં જ દેહત્યાગ કરી દીધો છે.

જેઓ દૃઢ શ્રદ્ધા—પ્રતીતિ અને વિશ્વાસ ધરાવે છે, સાધનામાં સારી એવી પ્રગતિ કરી છે, અને છેલ્લે જેમને પૂ.ભાઈશ્રીના દર્શનનો લાભ પ્રાપ્ત થયો છે તેવા ચારુબહેને સમાધિમરણ પ્રાપ્ત કર્યું.

## વવાણિયા-મોરબી-રાજકોટ-ધર્મયાત્રા

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સંવતસરી દિવસમાં ફરક હોવાથી એક દિવસની ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું.

પ.પૂ.ભાઈશ્રીની નિશ્રામાં તા. ૧૩-૯-૨૦૧૦ સોમવાર સવારે ૫-૩૦ વાગ્યાથી ધર્મયાત્રાની શુભ શરૂઆત આશ્રમથી કરવામાં આવી. સવારે ૮-૩૦ વાગ્યે બધા વવાણિયા પ.કૃ.દેવના જન્મસ્થળે પહોંચી ગયા. ભવ્ય વિશાળ નૂતન હૉલમાં બધાએ સર્વ સ્થળે દર્શન કર્યાં તથા પ.કૃ.દેવના ભવ્ય જીવંત ચિત્રપટ સામે ભક્તિ કરવામાં આવી. મા. શ્રી મનુભાઈ મોદીના સુપુત્ર શ્રી ભરતભાઈ મોદી આ સમયે ત્યાં હાજર હતા. સવારનો ચા-નાસ્તો વવાણિયા કરવામાં આવ્યો. વવાણિયાથી ૧૦-૩૦ વાગે રવાના થઈ બધા ૧૨-૦૦ વાગે મોરબી પ્રેમલક્ષ્મી હૉલમાં આવ્યા. ત્યાંના ટ્રસ્ટીઝ તથા કાર્યકરોએ બધાનું સ્વાગત કર્યું. અહીંયાં આગળ



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

દર્શન પછી ૧૫ થી ૨૦ મિનિટ ભક્તિ કરવામાં આવી. સંસ્થા તરફથી અહીંયાં ચા-બિસ્કિટની વ્યવસ્થા રાખવામાં આવેલ.

મોરબીથી રવાના થઈ બપોરે ૨-૩૦ વાગે રાજકોટ અમિત મહેન્દ્રભાઈ બાવીસીને ઘેર પહોંચ્યા. અહીંયાં બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ. સમગ્ર બાવીસી પરિવારના બધા જ સભ્યો હાજર હતા અને બધાને ખૂબ જ પ્રેમ તથા ભક્તિભાવથી જમાડ્યા.

આ પછી (૧) શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિરમાં દર્શન તથા ભક્તિ કરવામાં આવી. જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઝ તથા કાર્યકરો આ સમયે હાજર હતા. બધા મુમુક્ષુઓ માટે ચાની વ્યવસ્થા રાખવામાં આવેલ. (૨) આ પછી પ.કૃ.દેવે દેહ જે જગ્યાએ છોડેલ તે સમાધિ સ્થળનાં દર્શન કર્યાં (૩) ત્યાર પછી પ.કૃ. દેવના દેહના અંતિમ સંસ્કાર જે સ્થળે થયેલ અને ત્યાં આગળ ભવ્ય સમાધિ મંદિર બનાવવામાં આવ્યું છે તે સમાધિ મંદિરમાં બધાએ દર્શન ભક્તિ કરી.

આ ધર્મયાત્રાનો લાભ કુલ ૫૩ મુમુક્ષુઓએ લીધો હતો. બ્ર.મિનળબહેન, બ્ર.વિક્રમભાઈ, બ્ર. વિનુભાઈ તથા બ્ર.ભૂપતભાઈ આ યાત્રામાં જોડાયાં હતાં.

યાત્રા પછી મુંબઈના મુમુક્ષુઓએ મુંબઈ તરફ તથા સાયલાના મુમુક્ષુઓએ સાયલા તરફ પ્રયાણ કરેલ હતું.

શ્રી મહેન્દ્રભાઈ બાવીસી તથા તેમના સુપુત્ર ચિ. અમિતે સાંજના ભોજનના પેકેટની પણ સુંદર વ્યવસ્થા ગોઠવેલ હતી.

❖ ❖ ❖

## ગાગોદર-કચ્છ કુમાર છાત્રાલયનું ઉદ્ઘાટન

સમર્થ ચેરિટેબલ ટ્રસ્ટે કચ્છના રાપર તાલુકાના ગાગોદર ગામે જનહિતની ઘણી જ પ્રવૃત્તિ છેલ્લાં થોડાં વર્ષોથી ચાલુ કરેલ છે. ખૂબ જ પછાત ઈલાકો છે અને વરસાદનું પ્રમાણ ઘણું જ ઓછું. પાણીની સખત અછત અને રેતાળ જમીન. રોજી-રોટી માટે અહીંના લોકોને સતત સ્થળાંતર કરવું પડે. અને શોષણખોરી મોટા પ્રમાણમાં હોવાથી ત્યાંના લોકો ઊંચા આવી શકે નહીં. આવાં કારણોથી ભણતરનું પ્રમાણ તો ઘણું જ નીચું રહેતું હોય છે. શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ તેમની આ પ્રવૃત્તિને સહાય કરે છે. તળાવો બનાવવાં, કૂવા ગાળવા, વિકલાંગોને સાધન સહાય કરવી, ભણતર માટે જરૂરી મદદ કરવી વિગેરે કાર્ય મુમુક્ષુઓના યોગદાનથી કરવામાં આવે છે.

મુમુક્ષુની સહાયથી તેઓને કુમાર છાત્રાલયની જરૂરત હોવાથી તે મકાન બનાવી દેવામાં આવ્યું. અને તેનું શુભ ઉદ્ઘાટન પૂ.ભાઈશ્રીના શુભ હસ્તે તા. ૨-૮-૨૦૧૦ના રાખવામાં આવેલ. એક નાના સમારંભમાં તેઓએ કરેલ કામગીરીની માહિતી આપેલ અને પૂ. ભાઈશ્રીએ તેમની કામગીરી માટે શુભ આશિષ આપેલ.

મુમુક્ષુઓની સહાયથી બનાવેલ તળાવ તથા કૂવા જોવા બધા સાથે ગયા હતાં. આશ્રમમાંથી કુલ ૧૪ જણાની ટીમ ગાગોદર ગયેલ. મુમુક્ષુ આત્માર્થી અરુણભાઈ દોશી આ કાર્યમાં કરુણાભાવથી જોડાયેલ છે.

❖ ❖ ❖

## ચિ. સ્વ. રૂપલના સ્મરણાર્થે થતાં સત્કાર્યો

ચિ. રૂપલ નૈરોબીના મુમુક્ષુ આત્માર્થી શ્રી મનુભાઈ તથા આત્માર્થી હેમીબેન ધનાનીની સુપુત્રી છે.

રૂપલના હૃદયમાં ગરીબ તથા નિરાધાર પ્રત્યે અત્યંત દયાભાવ તથા કરુણાભાવ હતો. તે હમેશાં સત્કાર્યો માટે ઉત્સુખ હતી. તેના માતાપિતાને પણ



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

તે પ્રેરણાસ્ત્રોત્ર હતી. હમેશાં વધુ ને વધુ પરોપકારનાં કાર્યો કરવા માટે તેમને પ્રોત્સાહિત કરતી.

આવા સુંદર ભાવો તથા ઉમદા જીવન જીવનાર રૂપલનું આકસ્મિક મોત આખા ધનાની કુટુંબને દુઃખી કરી ગયું. પરંતુ જેના માથે સદ્‌ગુરુ હોય તે હમેશાં વિષમ પરિસ્થિતિમાં પણ સમતુલન રાખી પાર ઊતરી શકે છે.

આમ ધનાની પરિવારે પણ પ.પૂ.ભાઈશ્રીના બોધને અનુસરી પુત્રીના મોહનો ત્યાગ કરી તેના ગુણોને યાદ રાખી શાંતિનો અનુભવ કર્યો. તેમણે રૂપલના નિમિત્તે નૂતન સ્વાધ્યાય હૉલમાં માતબર રકમનું દાન આપ્યું. તદ્‌ઉપરાંત રૂપલની ભાવનાઓને લક્ષમાં રાખી ઘણાં બધાં કપડાં ભેગાં કરી લગભગ ૭૦ જેટલા થેલાઓ દાનમાં આપ્યા. સાયલા આશ્રમ તે બધા કપડાંનું ગરીબોમાં વિતરણ કરશે.

ખરેખર તો રૂપલ દૂર ગઈ જ નથી. પરંતુ આપણા સૌના હૃદયમાં પરોપકારના ગુણ રોપી સદા માટે અમર બની ગઈ છે.

સંસ્થા આ તકે મનુભાઈ તથા હેમીબેનનો આભાર માને છે.

❖ ❖ ❖

## દાંતનું દવાખાનું

### સાયલા ખાતે આરોગ્ય સુવિધામાં થયેલ વધારો

સાયલા (જિ. સુરેન્દ્રનગર) તા. ૪-૮-૨૦૧૦ ભગતના ગામ સાયલા ખાતે તા. ૩૧-૧૨-૧૯૭૬-થી કાર્યરત શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ દ્વારા આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે શ્રી રાજ-સોભાગ આશ્રમ ચાલે છે. આ આશ્રમ આધ્યાત્મિક પ્રવૃત્તિ ઉપરાંત માનવ સેવાનાં વિવિધ કાર્યો પણ જનહિત અર્થે કરી રહેલ છે. જેમાં શિક્ષણ-આરોગ્ય-ગરીબી રેખા નીચે આવનાર ભાઈ-બહેનોને અનાજ-કપડાં-છાશ વિતરણ જેવા કાર્યક્રમો ચાલે છે.

આરોગ્ય ક્ષેત્રે સાયલા તેમજ આજુબાજુના વિસ્તારના લોકો માટે કોમ્યુનિટી હેલ્થ સેન્ટરની ઉપયોગી સેવાઓના સંચાલનની જવાબદારી સ્વીકારેલ છે. નેત્ર ચિકિત્સા માટે અલગ જ હૉસ્પિટલ ચલાવવામાં આવે છે. દાંતની સારવાર સારી રીતે લોકોને પ્રાપ્ત થાય એ હેતુથી શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે રવિવાર, તા. ૨૫-૭-૨૦૧૦ના રોજ પ.પૂ.ભાઈશ્રી નલિનભાઈ કોઠારીના વરદ્ હસ્તે તેમજ આ પ્રસંગ માટે ખાસ મુંબઈથી પધારેલ નાયર હૉસ્પિટલના ડીન ડૉ. શ્રીમતી સુહાબહેન નાગડા તેમજ ડૉ. જીતુભાઈ નાગડાના શુભહસ્તે **દાંતના દવાખાનાનું** ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. આધુનિક સાધન-સજ્જ આ દવાખાનાને કારણે લોકોને ઘણી જ રાહતનો અનુભવ થશે એ સ્વાભાવિક છે.

પ.પૂ. ભાઈશ્રીની એવી ઇચ્છા છે કે સાયલાના લોકોને ઘર આંગણે જ તમામ આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થાય. હાલની આર્થિક પરિસ્થિતિ, મોંઘવારીથી ત્રસ્ત પ્રજાને આશીર્વાદ સમાન આવી પ્રવૃત્તિઓને લોકોએ વધાવી લીધેલ છે.

❖ ❖ ❖

## શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ પ્રેરિત

આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર - સાયલા

ક્ષમતા કેન્દ્ર - લીંબડી

ઉપાસના ડે કેર સેન્ટર - જોરાવરનગર

જુલાઈ થી સપ્ટેમ્બર ૨૦૧૦—કાર્ય અહેવાલ

નવા સત્રના પ્રારંભે આશીર્વાદ સેન્ટરમાં પ.પૂ.ભાઈશ્રીના વરદ્ હસ્તે બાળકોને સ્કૂલબેગ આપવામાં આવી. સ્કૂલબેગ દાતાશ્રી સ્વ. અમરબાના સ્મરણાર્થે માનસંગભાઈ તથા તેમના



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

સુપુત્ર મનુભાઈ રાજપૂતે હાજરી આપી વિતરણ કર્યું તેમજ પ.પૂ.ભાઈશ્રીએ સ્ટાફને નવા સત્રની શુભેચ્છા પાઠવી.

ઉપાસના ડે કેર સેન્ટર, જોરાવરનગરમાં દાતાશ્રી સ્વ. વિપુલભાઈ મણીભાઈ પટેલના સ્મરણાર્થે સ્કૂલબેગનું વિતરણ શ્રી અરુણભાઈ દોશી, શ્રી વિનાયકભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું અને સ્ટાફને નવા સત્રની શુભેચ્છાઓ પાઠવી.

ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળના સ્વાધ્યાય હૉલમાં પ.પૂ.ભાઈશ્રી, શ્રી વિક્રમભાઈ તથા શ્રી મીનળબેન શાહ તથા મુમુક્ષુગણની હાજરીમાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

આશીર્વાદ ડે કેર સેન્ટર, સાયલામાં રક્ષાબંધન પર્વની ઉજવણી ૧૦૮ એમ્બ્યુલન્સના ડૉકટર તથા સ્ટાફ મેમ્બરોને આશીર્વાદની બાળાઓએ રાખડી બાંધી અને સ્ટાફ મેમ્બરોએ બાળકોને ચોકલેટ ખવડાવી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ જઈ તેમાં રહેલ સાધનો અને તેના ઉપયોગ વિષે જાણકારી આપી.

ક્ષમતા કેન્દ્ર, લીંબડીમાં રક્ષાબંધનની ઉજવણી લીંબડી વિકાસ ટ્રસ્ટ (એમ.બી.એ., એમ.સી.એ., બી.બી.એ., બી.સી.એ.) કૉલેજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ સોની, શ્રી મહાદેવભાઈ પટેલના સાનિધ્યમાં કરવામાં આવી. વિકલાંગ બાળાઓએ મહાનુભાવોને રાખડી બાંધી અને મહાનુભાવોએ ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા ૨૫ બાળકોને સ્કૂલબેગ આપી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી.

ઉપાસના ડે કેર સેન્ટર, જોરાવરનગરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી તે નિમિત્તે જોરાવરનગરમાં દાતાશ્રી રોનકભાઈ ઠાકર દ્વારા ૨૦ બાળકોને બૂટ-મોજાનું વિતરણ કરી રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવી.

તા. ૫ ઓગસ્ટે પ.પૂ.ભાઈશ્રીએ આઈ ચેકઅપ માટે મોબાઈલ વાનને પ્રસ્થાન કરાવ્યું અને હાજર રહેલાને મોં મીઠાં કરાવી આઈ ચેકઅપમાં જનાર ડૉકટર તથા સ્ટાફને શુભેચ્છા પાઠવી અને સપ્ટેમ્બરના અંત સુધીમાં પાંચ ગામની પ્રાથમિક તેમજ માધ્યમિક નવ શાળાઓનાં તેમજ આંગણવાડીનાં ૨૨૦૦ જેટલાં બાળકોનું આઈ ચેકઅપ કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય અંધજન ધ્વજદિન નિમિત્તે આશીર્વાદનાં ૭ તથા ક્ષમતા કેન્દ્રનાં ૮ બાળકોએ અંધજન મંડળ વસ્ત્રાપુર, અમદાવાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો તેમજ શિવ-શક્તિ ગ્રુપ સાયલા આયોજિત ગણેશ ઉત્સવ કાર્યક્રમમાં આશીર્વાદનાં ૭ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

## કેમ્પ તથા સાધન વિતરણ

આશીર્વાદ વિકલાંગ કેન્દ્રમાં જિલ્લા સમાજ સુરક્ષા અને આરોગ્ય વિભાગ દ્વારા વિકલાંગ વ્યક્તિઓ માટે મેડિકલ સર્ટિફિકેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જુદી જુદી વિકલાંગતા ધરાવતી ૩૧૬ વિકલાંગ વ્યક્તિઓને સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલના ડૉકટરો દ્વારા ચેકઅપ કરી વિકલાંગતા સર્ટિફિકેટ આપ્યાં.

આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ દ્વારા મૂળી તાલુકાના ૬૦ ગામમાં સ્ટાફ દ્વારા વિકલાંગોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું. અંદાજે ૧૨૦૦ વિકલાંગો મળ્યા તેમના માટે મેડિકલ સર્ટિફિકેટ કેમ્પનું આયોજન મૂળી સરકારી દવાખાનામાં કરવામાં આવ્યું અને ૪૦૬ જેટલા વિકલાંગોએ તેનો લાભ લઈ સર્ટિફિકેટ મેળવ્યાં.

ધી ગુજરાત ક્લેફટ એન્ડ ક્રેનિયો ફેસિયલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી ફાટેલા હોઠ અને



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

તાળવાની જન્મજાત ખોડનો નિદાન કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં ૩ વ્યક્તિઓ આવી અને તેમનું નિદાન કરી અમદાવાદ ઓપરેશન માટે બોલાવ્યા તેમજ ઓપરેશન સફળ થયાં હૉસ્પિટલમાં શ્રી અરૂણભાઈ દોશીએ ત્રણેય વ્યક્તિની મુલાકાત લીધી તેમજ લીંબડી તાલુકાના બોરણા ગામના ૨૦ દિવસના બાળકને પણ ઉપરોક્ત હૉસ્પિટલમાં ઓપરેશન માટે મોકલ્યું.

તા. ૯ સપ્ટેમ્બરના રોજ એક વિકલાંગ ભાઈને ટ્રાયસિકલ પ.પૂ.ભાઈશ્રી અને ટ્રાયસિકલના દાતાશ્રી મૂકેશભાઈ પન્નાલાલ ભાટીયાના વરદ્ હસ્તે આપવામાં આવી.

ગુજરાત સરકાર આયોજિત ગરીબ કલ્યાણ મેળો સાયલામાં યોજાયો. તેમાં ૧૦ વિકલાંગ વ્યક્તિઓને સાયકલ, ૪ ટ્રાયસિકલ, ૧ વ્હીલચેર અને ૧ હિયરિંગ એઈડનું વિતરણ ગુજરાત રાજ્ય શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઈ આહીર, વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાના હસ્તે કરવામાં આવ્યું.

આ ત્રણ માસમાં રૂટીન કાર્ય મુજબ દર મહિનાના ત્રીજા શનિવારે સાઈકિઆટ્રીસ્ટ ડૉકટર દ્વારા ખેંચ આવતાં બાળકોનું ચેકઅપ કરી ડૉકટરની સલાહ મુજબ દવાઓ આપવામાં આવી તેમજ ત્રણેય સેન્ટરના નોર્મલ સ્કૂલમાં જતા બાળકોના વર્ગશિક્ષક અને વાલીઓની મુલાકાત કરી આગામી ૭ તારીખથી શરૂ થતી છ માસિક પરીક્ષા વિષે માહિતી આપી.

વોકેશનલમાં આવતા વિકલાંગોએ નવરાત્રી અને દિવાળી માટે માટીના દીવડાંને કલર પૂરી રંગબેરંગી દીવડા બનાવવાની શરૂઆત કરી થોડા દિવસોમાં તેનું વેચાણ ત્રણેય સેન્ટરોમાં શરૂ કરવામાં આવશે.

૧૪ સપ્ટેમ્બર રાષ્ટ્રીય અંધજન દિન નિમિત્તે વિકલાંગો માટેના સમાન તક અને હક માટે શ્રી સાયલા તાલુકાની ૨૦ વિકલાંગ વ્યક્તિઓએ ગાંધીનગર રેલીમાં ભાગ લીધો.

સાયલા ગામની વિકલાંગ બહેનોનું સિદ્ધિ સ્વ-સહાય જૂથની મીટિંગ રાખવામાં આવી. વિકલાંગ બહેનોને તેમના હક અને રક્ષણ વિષે માહિતી આપી.

માનસિક બીમારી ધરાવતી વ્યક્તિઓ માટેની સંકલિત સામુદાયિક પુનર્વસન યોજના અંતર્ગત લીંબડી તાલુકાના ૬૧ ગામમાં સર્વેક્ષણ કર્યું તેમાં ૫૭૮ માનસિક બીમારી ધરાવતી વ્યક્તિઓ મળી.

અંધજન મંડળ દ્વારા ચોટીલા તાલુકામાં માનસિક બીમારી ધરાવતી વ્યક્તિઓ માટેની સંકલિત સામુદાયિક પુનર્વસન યોજના અમલમાં મૂકી તે અંતર્ગત ૨ સ્ટાફ મેમ્બરોની ભરતી કરી તેમને પ્રથમ અંધજન મંડળમાં તાલીમ આપી ચોટીલા તાલુકામાં સર્વેક્ષણ શરૂ કર્યું, જેમાં હાલ ૨૦ ગામનું સર્વેક્ષણ થયું તેમાં અંદાજે ૧૦૬ જેટલાં માનસિક બીમારી ધરાવતી વ્યક્તિઓ મળી.

## મીટિંગ તથા સેમિનાર

સી.બી.એમ. ઓસેડ પ્રોજેક્ટ અંતર્ગત સાયલા તાલુકાના ૫૩ લીડરોની મીટિંગ રાખવામાં આવી અને ૧૨ ગામની અંદર રાત્રી શો તેમજ વાલી મીટિંગો યોજવામાં આવી.

સેન્સ ઇન્ટરનેશનલ ઇન્ડિયા આયોજિત અભિપ્રેરણા ટીચર નેટવર્ક અને પ્રયાસ ફેમિલી નેટવર્ક વાર્ષિક જનરલ મીટીંગમાં અડાલજા ગીતા અને બધિરાંધ મોરી શીતલના વાલીએ અમદાવાદમાં ભાગ લીધો.

સેન્સ ઇન્ટરનેશનલ ઇન્ડિયા અને અંધજન મંડળ આયોજિત લીડરશિપ વર્કશોપમાં ચૌહાણ



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

દિપકભાઈએ અમદાવાદમાં ભાગ લીધો.

ઓસેડ પ્રોજેક્ટની સમીક્ષા મીટિંગમાં અમદાવાદ ખાતે આર.એસ.જાદવ તથા સ્ટાફ મેમ્બરે ભાગ લીધો.

સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા ડેફબ્લાઈન્ડ પ્રોજેક્ટ પાર્ટનર તેમજ ચેઈન્જ મેનેજમેન્ટનો સેમિનાર અમદાવાદ ખાતે યોજાયો. જેમાં યુ.પી., રાજસ્થાન, કેરાલા, તામિલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાતના મેમ્બરો તેમજ આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટના આર.એસ.જાદવે ભાગ લીધો.

ગુજરાતના પ્રખ્યાત તરણેતરના મેળામાં ૩ દિવસ જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ તેમજ પ્રદર્શન અને વ્યવસાયલક્ષી તાલીમ સેન્ટરમાં વિકલાંગ વ્યક્તિઓએ બનાવેલ વસ્તુનું વેચાણ કર્યું.

### તાલીમાર્થી

ટાટા ઈન્સ્ટિટ્યૂટ મુંબઈથી ૧૮ તાલીમાર્થીઓ આવ્યા તેમને ગ્રામ્ય કક્ષાએ મુલાકાત કરાવી તેમને જરૂરી માહિતી આપી.

અંધજન મંડળમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતના ૨૯ વ્યક્તિઓ ડેફબ્લાઈન્ડ રિફ્રેશર વર્કશોપની તાલીમમાં આવ્યા તેમને સુરેન્દ્રનગર જિલ્લાના જુદા જુદા ગામમાં રહેતા ડેફબ્લાઈન્ડ વ્યક્તિઓની મુલાકાત કરાવી અને ગ્રામ્ય કક્ષાએ થતા પુનર્વસન વિશે માહિતી આપી.

❖ ❖ ❖

## ''પ્રેમની પરબ''-પ્રવૃત્તિ અહેવાલ માહે જુલાઈ થી સપ્ટેમ્બર-૨૦૧૦

માહે જુલાઈ-૧૦ થી સપ્ટેમ્બર-૨૦૧૦ દરમ્યાન મુખ્યત્વે જી.વિ. કેન્દ્ર અંતર્ગત ડિસ્કવરી સાયન્સ રિસર્ચ ગ્રુપ વડોદરાના સહકારથી વિજ્ઞાન સેમિનાર, સ્ટાફ નિમણૂક માટે ભરતી ઈન્ટરવ્યુ, પ્રા.શાળાનાં નબળાં બાળકોમાં પાયાના કૌશલ્યોનો વિકાસ-કાર્યક્રમનું આયોજન અને શિક્ષક પ્રેરક ભરતીની કાર્યવાહી વચ્ચે અનેકવિધ નાના-મોટા કાર્યક્રમો સંપન્ન થયા.

- ''પ્રેમની પરબ'' પ્રોજેક્ટ નીચે છેલ્લા એક વર્ષથી સાયલા તાલુકાની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરાયો છે. સબબ પરિણામ સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૬-૭-૧૦ના દિવસે સાયલા સરકારી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે શ્રી સી.કે.વ્યાસે વિચારગોષ્ઠી કરી અને વિદ્યાર્થીઓને તેમના ઊજળા ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા.
- જી.વિ. કેન્દ્ર અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ના પ્રથમ સત્રના કેન્દ્રની મુલાકાત માટેનું શેડ્યુલ બનાવવા અને આનુષંગિક મુદ્દાઓની ચર્ચા માટે તા.૧૨-૭-૧૦ના દિવસે પાયલોટ પ્રોજેક્ટ નીચેની દશ (૧૦) શાળાના આચાર્યોની બેઠક સંપન્ન થઈ.
- તા. ૩-૮-૧૦ના રોજ સાયલા ગામની સ્થાનિક શાળાના ધોરણ-૬ના ૧૫૦ વિદ્યાર્થીઓએ પે.સે.નં.-૧ ખાતે પ્રખ્યાત ખગોળશાસ્ત્રી શ્રી ડૉ. જે. જે. રાવલે બ્રહ્માંડનો પરિચય આપ્યો, જ્યારે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર-રાજકોટના ડાયરેક્ટર શ્રી ડૉ. રમેશભાઈ ભાયાણીએ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અંગેની કેટલીક રોચક વાતો સંભળાવી.
- તા. ૩/૪-૮-૧૦ દરમ્યાન જી.વિ.કેન્દ્ર અંતર્ગત ડિસ્કવરી સાયન્સ રિસોર્સ ગ્રુપ-વડોદરાના સહકારથી પ્રા.શાળાના વિજ્ઞાન શિક્ષકો માટે વિજ્ઞાન શિબિર સંપન્ન થઈ. તજજ્ઞ તરીકે સ્વાતિ બેડેગર અને અન્ય સહાયકોએ પ્રાયોગિક શિક્ષણ દ્વારા વિજ્ઞાન વિષયની અગત્યની સંકલ્પનાઓ શીખવી. આ શિબિરમાં કુલ મળી-૬૦ શિક્ષકોએ હાજરી



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

આપી. આ કાર્યક્રમની શરૂઆત પૂજ્ય ભાઈશ્રીના આશીર્વચનથી થઈ. બ્રહ્મનિષ્ઠ શ્રી કરશનભાઈ અને અન્ય મુમુક્ષુગણે હાજરી આપી. પ્રથમ સેસનમાં ડૉ.જે.જે.રાવલ, ખગોળશાસ્ત્રીએ બ્રહ્માંડ, પૃથ્વી, મનુષ્ય અને ધર્મ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કર્યો.

- સાયલા જેવા આર્થિક અને સામાજિક રીતે પછાત તાલુકામાં શાળામાં નોંધાયેલ બાળકો પૈકી ધો.-૩ થી ૭માં નબળાં બાળકોનું પ્રમાણ અન્ય તાલુકાઓ કરતાં વિશેષ રહે છે. તાલુકા પંચાયત સાયલાએ કરાવેલ સર્વે મુજબ વર્ષ ૨૦૧૦-૧૧માં સાયલા તાલુકામાં આવાં બાળકોની સંખ્યા ૪૨૮૦ છે. જેમના પાયાના કૌશલ્યોના વિકાસ માટે જિલ્લા પ્રા.શિક્ષણ અધિકારીશ્રી સુરેન્દ્રનગર સાથે થયેલ પરામર્શ બાદ "નબળા વિદ્યાર્થીઓમાં પાયાના કૌશલ્યોનો વિકાસ કાર્યક્રમ" તા. ૧૩-૯-૧૦થી લોન્ચ કરવામાં આવ્યો. આ માટે પી.ટી.સી. લાયકાત ધરાવતા કુલ-૪૭ ઉમેદવારોને શિક્ષણ પ્રેરક તરીકે જુદી જુદી પ્રા.શાળાઓમાં નિમણૂક આપવામાં આવી. તા. ૧૩-૯-૧૦ના દિવસે શ્રી રાજ-સોભાગ આશ્રમ ખાતે નવનિયુક્ત શિક્ષણ પ્રેરકો માટેની એકદિવસીય તાલીમ રાખવામાં આવી. જેમાં શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ, બી.આર.સી. કોર્ડિનેટરશ્રી મનીષભાઈ પટેલ અને કેળવણી નિરીક્ષક 'વહીવટ'શ્રી દિલીપભાઈ ચૌહાણે પ્રેરક માર્ગદર્શન આપ્યું. તમામ પ્રેરકોને "પ્રેમની પરબ" તરફથી શૈક્ષણિક કીટ આપવામાં આવી.
- તા. ૬-૭-૨૦૧૦, તા. ૧૨-૮-૨૦૧૦ અને તા. ૬-૯-૨૦૧૦ના દિવસોએ સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત "પ્રેમની પરબ" દ્વારા ચાલતાં વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રોના બાલમિત્રોની રિવ્યૂ બેઠકો સંપન્ન થઈ. શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવ્યું તથા પગાર ચુકવણું કર્યું. માસિક રિપોર્ટ એકત્રિત કરવામાં આવ્યાં.
- જી.વિ. કેન્દ્ર અંતર્ગત માહે જુલાઈ-૧૦થી સપ્ટેમ્બર-૧૦ દરમ્યાન કુલ ૨૮ શાળાના ૧૦૬૮ બાળકો અને ૪૨ શિક્ષકોએ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી. જેમને શિક્ષણ સંયોજકો દ્વારા વિજ્ઞાન વિષયના જુદા જુદા પ્રયોગોના નિદર્શન અને શૈક્ષણિક સાધનોના પરિચય સાથે વિજ્ઞાન શિક્ષણ અપાયું. એ જ રીતે ગણિત વિષયની પાયાની સંકલ્પનાઓનું જ્ઞાન આપવામાં આવ્યું.
- સાયલા પ્રા.શાળા નં.-૩ એ તા. ૩૧-૭-૧૦ના દિવસે "માતા સંમેલન"નું આયોજન કરેલ. પ્રોજેક્ટ વતી પંકજ એલ. ચાવડાએ હાજરી આપી. કુલ-૩૫ માતાઓએ હાજરી આપી. કન્યાઓને નિયમિત શાળાએ મોકલવા આગ્રહ કરવામાં આવ્યો. સમગ્ર આયોજન સી.આર.સી. અને બી.આર.સી.ના માર્ગદર્શન નીચે થયું. "પ્રેમની પરબ" તરફથી નાસ્તા સહાય આપવામાં આવી.
- તે જ રીતે તા. ૨૬/૨૭-૮-૧૦ દરમ્યાન સાયલા પે.સે. ૧-૩ ખાતે તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો સંપન્ન થયો. જેમાં સી.આર.સી. કક્ષાએ પ્રથમ આવેલ કૃતિઓ પ્રદર્શિત થઈ. આ વિજ્ઞાન મેળામાં વિવિધ શૈક્ષણિક પ્રયોગો, વર્કિંગ મોડેલ અને કલેકશન રજૂ થયાં. નિર્ણાયક કમિટીમાં પૂ.એલ.એમ.વોરા ગર્લ્સ હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષક કે.યુ. હાલાએ કામગીરી કરી.
- તા. ૧૫-૯-૧૦ના દિવસે સાયલા સરકારી હાઈસ્કૂલના મેદાનમાં પ્રા.શાળાઓની રમત-ગમત સ્પર્ધાઓ યોજાઈ. જેના ઉદ્‌ઘાટન



E/Sadguru Prasad Folder/Sadguru prasad-51 Final/SecondProof/1-11-2010

કાર્યક્રમમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી સી.કે.વ્યાસે હાજરી આપી. આ પ્રસંગે "પ્રેમની પરબ" તરફથી વિજેતા સ્પર્ધકોને રૂા. ૧૬૦૦/-નાં રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

- ગુજરાત સરકારે **"વાંચે ગુજરાત"** નામનું અભિયાન શરૂ કરેલ છે. જે અંતર્ગત અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની બેઠકમાં સહયોગી સંસ્થાના પ્રતિનિધિ તરીકે તા.૩-૭-૧૦ના દિવસે રાજ્યકક્ષાની સમિતિમાં શ્રી સી.કે.વ્યાસે હાજરી આપી.
- તા.૧૦-૭-૧૦ના દિવસે **"વાંચે ગુજરાત"** કાર્યક્રમ અંતર્ગત પૂ.એલ.એમ. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે સાહિત્ય મુસાયરો યોજાયો. જેમાં કેટલાક ગણમાન્ય લેખક કવિઓએ હાજરી આપી અને હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓને વાંચનનું મહત્ત્વ સમજાવ્યું. "વાંચે ગુજરાત" કાર્યક્રમ અંતર્ગત પૂ.એલ.એમ.વોરા ગર્લ્સ હાઈસ્કૂલ અને આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની કન્યાઓએ જુલાઈ-૧૦ થી સપ્ટેમ્બર-૧૦ દરમ્યાન ૪૯૨ કન્યાઓએ મળી કુલ ૫૩૪ પુસ્તકોનું વાંચન કર્યું. એ જ રીતે જીવન વિજ્ઞાન કેન્દ્રની લાયબ્રેરીમાંથી પણ કેન્દ્રની મુલાકાતે આવતા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મળી કુલ ૭૭૨ પુસ્તકોનું વાંચન કર્યું.
- પ્રા.શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષણ અને વિજ્ઞાન શિક્ષણ સમૃદ્ધ બને અને શિક્ષકો-વિદ્યાર્થીઓમાં જાગૃતતા આવે તે હેતુ માટેની મોબાઈલ સેવા માટે રવિ કૃપા ટ્રસ્ટની ટીમ તા. ૨૧-૭-૧૦ના રોજ સાયલા આવી. આ માટે પ્રથમ તબક્કામાં પાંચ (૫) શાળાઓની પસંદગી કરવામાં આવી. જ્યારે બીજા તબક્કામાં અન્ય પાંચ (૫) શાળાઓની પસંદગી થતાં તેમાં પણ આ કાર્યક્રમ થયો. કુલ મળી ૨૪ દિવસ આ કાર્યક્રમ ચાલ્યો.
- શ્રી રાજ-સોભાગ આશ્રમ અને તેની સહભાગી સંસ્થાઓ દ્વારા થતા કાર્યક્રમોનો લોકોને ખ્યાલ આવે તે હેતુથી તા. ૨૨-૭-૧૦ના રોજ રાજકોટ આકાશવાણી કેન્દ્રના અધિકારીઓએ "પ્રેમની પરબ"ના ડાયરેક્ટરશ્રી સી.કે. વ્યાસનું રેડિયો કાર્યક્રમ માટે રેકોર્ડિંગ કર્યું. જેનું પ્રસારણ તા. ૧૪-૮-૧૦ના રોજ બપોરના ૩-૩૦ કલાકે થયું.
- તા. ૭-૮-૧૦ની શ્રી સી.કે.વ્યાસની જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી સાથેની મુલાકાત સંદર્ભે સાયલા તાલુકાનાં નબળાં બાળકોમાં "પાયાના કૌશલ્યોનો વિકાસ" કાર્યક્રમ અંતર્ગત તા. ૨૬-૮-૧૦ના રોજ "શિક્ષણ પ્રેરક" ભરતી માટે ઓપન ઈન્ટરવ્યુ રાખેલ. જેમાં કમિટી સભ્ય તરીકે શ્રી સી.કે.વ્યાસ ઉપરાંત બ્રહ્મનિષ્ઠ શ્રી રસિકભાઈ શાહ, બ્રહ્મનિષ્ઠ શ્રી કરશનભાઈ પટેલ અને મુમુક્ષુશ્રી કિશોરભાઈ હાજર રહ્યા. કુલ-૪૭ શિક્ષક પ્રેરકની નિમણૂક કરવામાં આવી. ઓપન ઈન્ટરવ્યુમાં કુલ-૧૮૦ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યો.
- તા. ૨૯-૮-૧૦ના દિવસે "તપોવન સંસ્થા" ગાંધીનગર ખાતે શૈક્ષણિક ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રતિનિધિ બેઠકમાં શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસે શ્રી રાજ-સોભાગ આશ્રમ વતી હાજરી આપી.
- તા. ૧૫-૯-૧૦ના દિવસે યોજાયેલ પ્રાથમિક શાળાઓના તાલુકા રમતોત્સવના વિજેતાઓને "પ્રેમની પરબ" તરફથી રૂા. ૧૬૦૦/-ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા.

- **ચંદ્રકાન્ત વ્યાસ** (પ્રોજેક્ટ ડાયરેક્ટર)
**"પ્રેમની પરબ"**

શ્રી રાજ-સોભાગ આશ્રમ - સાયલા

## **'એકાંત મૌન આરાધના'**

### **અરજી પત્રક**

(શ્રી રાજમાર્ગનું યોગારોહણ પ્રકલ્પમાં જોડાયેલ મુમુક્ષુ માટે જ)

| | | |
|---|---|---|
| **નામ :** ____________________ **ઉંમર :** ______ | | **તારીખ/વર્ષ** |
| **સરનામું :** ____________________ | **અર્પણતા** | |
| | **અર્ધપ્રાપ્તિ** | |
| ____________________ | **પૂર્ણપ્રાપ્તિ** | |
| **ફોન નં. :** ____________________ | **ઉચ્ચ શ્રેણી** | |

સંસાર-તાપથી દુભાયેલા ત્રાહિત દુઃખી આત્માઓનું દુઃખ જોઈ પ.પૂ.ભાઈશ્રીએ બહુ અનુકંપા કરી 'એકાંત મૌન આરાધના' શિબિરનું આયોજન કર્યુ છે. શ્રી રાજમાર્ગનું યોગારોહણમાં જોડાયા બાદ મારો અધ્યાત્મ પુરુષાર્થ હજી વધુ પ્રબળ, વધુ જોમવંત, ધ્યેયલક્ષી બને તે માટે આ **'એકાંત મૌન આરાધના'** શિબિરમાં મારા આત્માના શ્રેયાર્થે મને તક આપવા નમ્ર વિનંતી છે.

આ શિબિર માટેના બધા જ નિયમો મેં વાંચ્યા છે અને તેનું ચુસ્તપણે પાલન કરવાની હું બાંયધરી આપું છું.

૧. **'એકાંત મૌન આરાધના'** ની કેટલી શિબિરો ભરી છે ? ........................

૨. હું **'એકાંત મૌન આરાધના'** ની શિબિર નંબર ................ તારીખ ................ થી

........................ તારીખ માટે અરજી કરું છું.

ગ્રુપ લીડરનું નામ :- ...................................

ગ્રુપ લીડરનો અભિપ્રાય :- ...............................

ગ્રુપ લીડરની સહી :- ..................................

સાધકની સહી :- .......................................

**નોંધ :** (અ) શિબિર શરૂ થવાના એક મહિના પહેલાં અરજી પત્રક ભરીને આશ્રમમાં પહોંચાડવાનું રહેશે.

(બ) ગ્રુપ લીડરના અભિપ્રાય વગરનું અરજી પત્રક અમાન્ય ગણવામાં આવશે.

(ક) શિબિરમાં પસંદગી પામેલ મુમુક્ષુઓને વહેલી તકે જાણ કરવામાં આવશે.

**ખાસ નોંધ :-** (ખ) પરદેશના તથા લાંબા ક્ષેત્રે રહેતા મુમુક્ષુઓ **"શ્રી રાજમાર્ગનું યોગારોહણ"** પ્રકલ્પમાં ન જોડાયેલ હોય તો પણ 'એકાંત મૌન આરાધના' શિબિર માટે અરજી કરી શકશે.


(પાછળ)

## 'એકાંત મૌન આરાધના'
### શિબિરના નિયમો

૧. એકાંત મૌન આરાધના શિબિર શરૂ થવાની હોય તે તારીખથી **એક મહિના પહેલાં દેશ કે પરદેશના મુમુક્ષુએ અરજી પહોંચાડવાની રહેશે.**
૨. શિબિરને આગલે દિવસે મુમુક્ષુઓએ આશ્રમમાં હાજર થઈ જવાનું રહેશે. અને શિબિર પૂર્ણ થાય પછી જ આશ્રમ છોડીને જઈ શકાશે.
૩. રૂમમાં નાસ્તો કરવો નહીં.
૪. આખો દિવસ આત્માનું અનુસંધાન રહે તે રીતે દરેક ક્રમ ઉપરાંત સતત ચિંતન-મનન અને સુવિચારણા કરવી.
૫. મૌનપણે એકાંતમાં રહેતા સાધકને વૈરાગ્ય-ઉપશમભાવ વધે તે પ્રમાણેની ચર્યા ખૂબ જ ઉપયોગી થશે.
૬. શિબિર સંચાલક તરફથી જે કાંઈ સૂચના આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવું.
૭. સ્વાધ્યાય, ભક્તિ, ધ્યાન અને સત્સંગના સમયે પાંચ મિનિટ પહેલાં સ્થાન ગ્રહણ કરી લેવું.
૮. મોબાઈલ ફોન, છાપું કે પત્રવ્યવહાર શિબિર દરમ્યાન સંપૂર્ણ બંધ રાખવા.
૯. આશ્રમની બહાર જઈ શકાશે નહીં.
૧૦. ઉપરોક્ત નિયમોનો ભંગ કરનાર સાધકને શિબિર સંચાલક શિક્ષા રૂપે જે કાંઈ પ્રાયશ્ચિત આપે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

### ઓકટોબર-૨૦૧૦ થી જૂન-૨૦૧૧ સુધી રાખવામાં આવેલ શિબિર

| મહિનો | એકાંત મૌન આરાધના શિબિર | આરાધના શિબિર |
|---|---|---|
| નવેમ્બર-૧૦ | શિબિર રાખવામાં આવેલ નથી. | શિબિર રાખવામાં આવેલ નથી. |
| ડિસેમ્બર-૧૦ | એકાંત મૌન આરાધના શિબિર નથી. | તા. ૨૫ શનિવારથી તા. ૩૧ શુક્રવાર તથા સાથે યુવા શિબિર રાખવામાં આવેલ છે. |
| જાન્યુઆરી-૧૧ | **ઓગણચાલીસમી શિબિર**<br>તા. ૧૯ બુધવારથી તા. ૨૩ રવિવાર સુધી | તા. ૧૯ બુધવારથી તા. ૨૩ રવિવાર સુધી |
| ફેબ્રુઆરી-૧૧ | **ચાલીસમી શિબિર**<br>તા. ૧૯ શનિવારથી તા. ૨૩ બુધવાર સુધી | તા. ૧૯ શનિવારથી તા. ૨૩ બુધવાર સુધી |
| ફેબ્રુઆરીમાં અન્ય કાર્યક્રમો હોવાના કારણે કદાચ શિબિરની તારીખમાં ફેરફાર થવાની શક્યતા છે. | | |
| માર્ચ-૧૧ | **એકતાલીસમી શિબિર**<br>**ફક્ત પૂર્ણ પ્રાપ્તિવાળા સાધકો માટે જ**<br>તા. ૯ બુધવારથી તા. ૧૩ રવિવાર સુધી | **ફક્ત અર્ધ પ્રાપ્તિવાળા સાધકો માટે જ**<br>તા. ૯ બુધવારથી તા. ૧૩ રવિવાર સુધી |
| એપ્રિલ-૧૧ | **બેતાલીસમી શિબિર**<br>તા.૧૭ રવિવારથી તા.૨૧ ગુરુવાર સુધી | તા.૧૭ રવિવારથી તા.૨૧ ગુરુવાર સુધી |
| મે-૨૦૧૧ | **તેતાલીસમી શિબિર**<br>તા.૨૬ ગુરુવારથી તા.૩૦ સોમવાર સુધી | તા.૨૬ ગુરુવારથી તા.૩૦ સોમવાર સુધી |
| જુન-૨૦૧૧ | **ચુમાલીસ શિબિર**<br>તા.૨૧ મંગળવારથી તા.૨૫ શનિવાર સુધી | આરાધના શિબિર રાખવામાં આવેલ નથી |



## પત્રાંક - ૩૧૩

મુંબઈ, પોષ સુદ ૭, ગુરુ, ૧૯૪૮

**જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ અને તેમ થઈએ છીએ.**

આપની સ્થિતિ લક્ષમાં છે. આપની ઈચ્છા પણ લક્ષમાં છે; ગુરુ-અનુગ્રહવાળી વાર્તા લખી તે પણ ખરી છે. કર્મનું ઉદયપણું ભોગવવું પડે તે પણ ખરું છે. આપ અતિશય ખેદ વખતોવખત પામી જાઓ છો, તે પણ જાણીએ છીએ. વિયોગનો તાપ અસહ્ય આપને રહે છે તે પણ જાણીએ છીએ. ઘણા પ્રકારે સત્સંગમાં રહેવા જોગ છો એમ માનીએ છીએ, તથાપિ હાલ તો એમ સહન કરવું યોગ્ય માન્યું છે.

ગમે તેવા દેશકાલને વિષે યથાયોગ્ય રહેવું, યથાયોગ્ય રહેવા ઈચ્છયા જ કરવું એ ઉપદેશ છે. મનની ચિંતા લખી જણાવો તોય અમને તમારા ઉપર ખેદ થાય તેમ નથી. જ્ઞાની અન્યથા કરે નહીં, તેમ કરવું તેને સૂઝે નહીં, ત્યાં બીજો ઉપાય ઈચ્છવો પણ નહીં એમ વિનંતી છે.

કોઈ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમ જ બીજાં પણ ખાવાપીવા વગેરેનાં પ્રવર્તન માંડ માંડ કરી શકીએ છીએ. મન ક્યાંય વિરામ પામતું નથી, ઘણું કરીને અત્ર કોઈનો સમાગમ ઈચ્છતું નથી. કંઈ લખી શકાતું નથી. વધારે પરમાર્થવાક્ય વદવા ઈચ્છા થતી નથી. કોઈએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર જાણતાં છતાં લખી શકતા નથી, ચિત્તનો પણ ઝાઝો સંગ નથી, આત્મા આત્મભાવે વર્તે છે.

સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે, જે ઘણું કરીને કળવા દેવામાં આવતી નથી. અથવા કળી શકે તેવાનો પ્રસંગ નથી.

આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે, એટલે જ તમને અને ગોસલિયાને લખ્યું હતું કે તમે પદાર્થને સમજો. બીજો કોઈ તેમ લખવામાં હેતુ નહોતો.

## પત્રાંક - ૪૯૯

મુંબઈ, વૈશાખ સુદ ૯, ૧૯૫૦

જે વ્યવસાયે કરી જીવને ભાવનિંદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે' એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતા જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે.

## હવે પછીના સંસ્થાના કાર્યક્રમોની સૂચિ

| | | |
|---|---|---|
| ૧. | પરમ કૃપાળુદેવનો જન્મદિન | - તા. ૨૧ નવેમ્બર, ૨૦૧૦. રવિવાર. કારતક સુદ-૧૫ |
| ૨. | પૂ.ભાઈશ્રી તથા<br>પૂ.ગુરુમાનો જન્મદિન | - તા. ૨૪ તથા ૨૫ નવેમ્બર, ૨૦૧૦<br>બુધવાર તથા ગુરુવાર |
| ૩. | પૂ.બાપુજીની પુણ્યતિથિ | - તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૦. ગુરુવાર. માગશર સુદ-૧૦ |
| ૪. | જાન્યુઆરી-૨૦૧૧ની ધર્મયાત્રા | - તા.૧ થી ૮ જાન્યુઆરી, ૨૦૧૧.<br>સાઉથ ઈન્ડિયાના ધર્મતીર્થો : બૅંગ્લોર, હુમચા, મુડબીદ્રી,<br>કારકલા, ધર્મસ્તલા, શ્રાવણબેલગોડા, હલાઈબેડ, બેલુર વિ. |
| ૫. | પ્રેમની પરબનો વાર્ષિક પ્રોગ્રામ | - તારીખ ૨૯, ૩૦, જાન્યુઆરી, ૨૦૧૧, શનિવાર-રવિવાર |
| ૬. | પૂ.બાપુજીનો જન્મદિવસ તથા<br>જિનાલય અને આશ્રમની વર્ષગાંઠ | - તા. ૬-૭-૮ માર્ચ, ૨૦૧૧<br>રવિ-સોમ-મંગળ, ફાગણ સુદ-૧, ૨, ૩ |
| ૭. | પૂ.બાપુજીનો જન્મદિન તથા<br>જિનાલય અને આશ્રમની વર્ષગાંઠ | - તા. ૬-૭-૮ માર્ચ, ૨૦૧૧. રવિ-સોમ-મંગળ<br>ફાગણ સુદ ૧-૨-૩ |

BOOK-POST
PRINTED MATTER

To,

From :
SHREE RAJ-SOBHAG SATSANG MANDAL
SHREE RAJ-SOBHAG ASHRAM
On National Highway no. 8-A,
Sobhagpara, SAYLA-363430
Gujarat, INDIA
Tel : 02755-280533
Telefax : 02755-280791

Printed by : Naishadh Printers, Naranpura, A'bad. Ph. : 27491627

"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."